RNI Reg. GUJGUJ/2010/44893

યોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

સુવિચાર

આ દુનિયામાં ઘણી સહેલાઈથી છેતરી શકાય તેવી વ્યક્તિ જો કોઈ હોય તો તે આપણી જાત છે...

ફઈએ જમીનમાં હક માગતાં ભત્રીજાઓએ આપી જાનથી મારી નાખવાની ધમકી P-4

Year-16, Issue-208 ■ DATE : 16-12-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

દિલ્હી-ઉત્તરપ્રદેશમાં ગાઢ ધુમ્મસને કારણે સંખ્યાબંધ વાહનો વચ્ચે ટક્કરઃ ૯ વાહનો સળગ્યા, ચારના મોત

મુખ્ય સમાચાર, આગ્રા

પાટનગર દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારત ગાઢ ધુમ્મસની લપેટમાં આવ્યુ છે અને તેને કારણે શ્રેણીબદ્ધ અકસ્માતો સર્જાય રહ્યા છે ત્યારે આગ્રાથી નોઈડાના યમુના એકસપ્રેસ પર સંખ્યાબંધ વાહનો વચ્ચે ટકકર થઈ હતી તેમાં સાત બસ અને બે કાર પ્રચંડ ધડાકા સાથે સળગી ઉઠતા અફડાતફડી મચી ગઈ હતી. વાહનો અગનગોળો બન્યા હતા. ચાર લોકોના મોત નીપજયા હતા. જયારે સંખ્યાબંધ ઘાયલ થયા હતા. અકસ્માતને પગલે એકસપ્રેસ વે પર અભૂતપૂર્વ ટ્રાફીક જામ સર્જાયો હતો. કલેકટર-પોલીસવડા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને રાહત-બચાવ ટીમો ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. મોટાપાયે બચાવ અભિયાન હાથ ધરાયુ હતું. શિયાળાના માહોલમાં મોડીરાત્રે બે વાગ્યાના અરસામાં ગાઢ ધુમ્મસને કારણે યમુના એકસપ્રેસ વે પર સંખ્યાબંધ વાહનો એકબીજા સાથે ટકરાવા લાગ્યા હતા અને તે દરમ્યાન સાત બસ અને બે વાહનો સળગી ઉઠયા હતા. વાહનોની અંદર ફસાઈ ગયેલા લોકો બારી-દરવાજાના કાચ તોડીને બહાર કુદવા લાગ્યા હતા. છતાં ચાર લોકો બહાર નીકળી ન શકતા જીવતા ભુંજાઈ ગયા હતા. બે ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા. તેઓને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ એટલો ભયાનક હતો કે વાહનોમાં માનવ અંગો ચોંટેલા જોવા મળતા હતા એટલે મૃત્યુઆંક અને ઘાયલોની સંખ્યા વધવાની આશંકા છે. બનાવને પ્રત્યક્ષ જોનારા લોકોએ કહ્યું કે વાહનો વચ્ચેની ટકકર એટલી ભયાનક હતી કે જોતજોતામાં વાહનો ભડભડ સળગવા લાગ્યા હતા.

આ સમયે ગાઢ ધુમ્મસને કારણે વિઝીબીલીટી ઝીરો હતો અને આગળ-પાછળના વાહનો જોઈ પણ શકાતા ન હતા. પરિણામે અકસ્માત થયો હતો. અકસ્માત-આગથી હાઈવે મરણચીસોથી ગાજી ઉઠયો હતો. વાહનો સંપૂર્ણ ખાખ થઈ ગયા હતા. બનાવની જાણ થતા આસપાસના લોકો અને સરકારી ટીમો પહોંચી ગઈ હતી.

દહેજ વિરોધી કાનૂનમાં બદલાવ જરૂરીઃ સુપ્રીમ કોર્ટ

દહેજ વિરોધી કાનૂનનો કોઈ પ્રભાવ જ પડતો નથીઃ ૨૫ વર્ષ પુર્વેના કેસમાં પતિ તથા તેના માતાને દોષિત ગણાવ્યા

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

દહેજ હત્યા સંબંધી એક કેસમાં સર્વોચ્ચ અદાલતે મહિલાઓની સુરક્ષા માટેનો આ કાનૂન મોજૂદ હોવા છતાં દેશભરમાં એક તરફ દહેજ મામલે હત્યામાં તથા મહિલાઓ પર અત્યાચાર થઈ રહ્યા છે તેવું તારણ આપતા સાથોસાથ એ પણ જણાવ્યું હતું કે આ કાનૂનનો ગેરઉપયોગ પણ થઈ રહ્યો છે.

સુપ્રીમ કોર્ટે અત્યંત આકોશ સાથે જણાવ્યું કે દહેજ વિરોધી કાનૂનનો કોઈ પ્રભાવ જ પડતો નથી તે સ્થિતિ બની છે તો બીજી તરફ આ કાનૂનના માધ્યમથી પરિણામો તેના ખોટા ઈરાદાઓને સંતોષવા માટે પણ સ્વસુર પક્ષને માટે મુશ્કેલીઓ ઉભી કરી રહી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે કાનૂનની યોગ્યતા જળવાઈ રહે તે માટે આ વિરોધાભાસ દુર કરવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ સંજય કરોલ તથા ન્યાયમૂર્તિ એન.કે.સિંહની ખંડપીઠે જો કે વ્યક્તિ અને તેના ૯૪ વર્ષના માતાને દોષીત જાહેર કર્યા હતા.

૨૦૦૧માં ૨૦ વર્ષની યુવતીની દહેજમાં કલર ટેલીવીઝન, મોટરસાયકલ તથા ૧૫૦૦૦ રૂા. રોકડાની માંગણી સંદર્ભમાં હત્યા કરવામાં આવી હતી. જેમાં પુરૂષને આજીવન કારાવાસની સજા ફટકારી. જો કે તેના માતાની ઉમર જોતા તેને જેલ સજા નહી કરવા નિર્ણય લીધો હતો.

૨૫ વર્ષ બાદ આ કેસમાં સજા થઈ હતી પણ સુપ્રીમ કોર્ટે તેના નિરીક્ષણમાં કહ્યું કે કાનૂન હોવા છતાં તેમાં અપરાધો થઈ રહ્યા છે. દહેજ પ્રથા યથાવત છે અને બીજી તરફ ફોજદારી ધારાની કલમ ૪૯૮-એ નો ગેરઉપયોગ પણ થઈ રહ્યો છે. સુપ્રીમ કોર્ટે કાનૂનમાં બદલાવની જરૂર દર્શાવતા કહ્યું કે તત્કાલ સમાધાન પર જોર દેવું જોઈએ. દહેજની પ્રથાની મૂળ ઉઠી છે. તેને રાતોરાત બદલી શકાશે નહી.

સુપ્રીમે મૃતકના પિતાએ આપેલી જુબાનીમાં તેની પુત્રી ખુશી-ખુશી સ્વસુર ગઈ હતી તે શબ્દ પર હાઈકોર્ટે બન્નેને જે નિર્દોષ જાહેર કર્યા હતા તે ચુકાદો રદ કરતા કહ્યું કે એ સ્પષ્ટ છે કે પિતાના અનેક વખત સમજાવવા બાદ પુત્રી સ્વસુર ગઈ હતી તેથી તેમાં ખુશી-ખુશી કહી શકાય નહી એક જ શબ્દથી અપરાધનો અર્થ બદલી જતો નથી.

Petrol & Diesel Rate

પેટ્રોલ	૩. ૯૪.૨૯/લીટર
ડીઝલ	૩. ૮૯.૯૮/લીટર
CNG	૩. ૮૦.૨૬/કિલો

લે કર વાત... કંદોઈને પગાર ન મળતા ઠાકોરજી માટે ભોગ ન બન્યો

મુખ્ય સમાચાર, વૃંદાવન

વૃંદાવનના ઠાકુર બાકે બિહારી મંદિરમાં પૂજ્ય આરાધ્ય ઠાકુરજીને બાળ ભોગ કે રાજભોગ ચઢાવી શકાયો નહીં. આનાથી સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી ઉચ્ચ સ્તરીય વ્યવસ્થાપન સમિતિ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાઓ પર પ્રશ્નો ઉભા થયા છે, મંદિરના સેવાયત ગોસ્વામીઓ તેમજ સામાન્ય ભક્તો આ જાણ્યા પછી રોષે ભરાયા છે કે પૂજ્ય ઠાકુરજીને ભોગ ચઢાવવામાં આવ્યો ન હતો. દરેક વ્યક્તિ કહે છે કે આજે સદીઓ જૂની પરંપરા તૂટી ગઈ છે. આ ખરેખર નિરાશાજનક છે.

વૃંદાવનના શ્રી બાકે બિહારી મંદિરમાં, હલવાઈ(કંદોઈ) નો પગાર ન મળવાને કારણે પહેલી વાર ઠાકુરજીનો બાલ અને શયનનો પ્રસાદ ચઢાવવામાં આવ્યો ન હતો, જેના કારણે લાંબા સમયથી ચાલતી પરંપરા તૂટી ગઈ હતી. લાખો ભક્તો વચ્ચે ઠાકુરજી પ્રસાદ વગર દર્શન માટે બેઠા રહ્યા. ગોસ્વામીઓએ નારાજગી વ્યક્ત કરી.

વૃંદાવનના બાકે બિહારી મંદિરમાં, પહેલી વાર ઠાકુરજીનો બાલ અને શયનનો પ્રસાદ ચઢાવવામાં આવ્યો ન હતો. હલવાઈનો પગાર ન મળવાને કારણે, પ્રસાદ તૈયાર કરવામાં આવ્યો ન હતો, જેનાથી પ્રસાદની લાંબા સમયથી ચાલતી પરંપરા તૂટી ગઈ. આનાથી મંદિરના ગોસ્વામીઓ ગુસ્સે થયા છે, જ્યારે હાઈપાવર કમિટી આ મામલે હાથ ધોવાનો પ્રયાસ કરી રહી છે.

ભારત અને વિદેશથી લાખો ભક્તો દરરોજ વૃંદાવનમાં શ્રી ઠાકુર બાકે બિહારી મંદિરની મુલાકાત લે છે. સોમવારે, ઠાકુરજી કોઈપણ પ્રસાદ વિના ભક્તો સમક્ષ હાજર થયા. સવારે ઠાકુરજીને બાળ ભોગ અને સાંજે શયન ભોગ ચઢાવવામાં આવે છે. જોકે, આજે ઠાકુરજીને કોઈ પણ પ્રસાદ ચઢાવવામાં આવ્યો ન હતો.

સુપ્રીમ કોર્ટે શ્રી ઠાકુર બાકે બિહારી મંદિરમાં વ્યવસ્થાની દેખરેખ માટે એક ઉચ્ચ-શક્તિવાળી સમિતિની રચના કરી છે. આ સમિતિ હેઠળ, ઠાકુરજી માટે પ્રસાદ તૈયાર કરવા માટે એક હલવાઈની નિમણૂક કરવામાં આવી છે. હલવાઈને દર મહિને એંસી હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી, તેને પગાર આપવામાં આવ્યો ન હતો. પરિણામે, હલવાઈએ ઠાકુરજી માટે બાળ ભોગ અને શયન ભોગ તૈયાર કર્યો ન હતો.

મસ્કે એક જ દિવસમાં અંબાણીની કુલ સંપત્તિથી વધુ કમાણી કરીઃ નેટવર્થ ૩. ૫૪.૫૦ લાખ કરોડ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ અને ટેસ્લા-સ્પેસએકસના સીઈઓ ઈલોન મસ્કે એક નવો ઈતિહાસ રચ્યો છે. તેમની કુલ નેટવર્થ ૬૦૦ બિલિયન ડોલર એટલે કે આશરે ૫૪.૫૦ લાખ કરોડને પાર કરી ગઈ છે. મસ્ક આ ઐતિહાસિક આંકડા સુધી પહોંચનારા વિશ્વના પ્રથમ વ્યક્તિ બની ગયા છે.

ફોર્બ્સના અહેવાલ મુજબ, મસ્કની સંપત્તિમાં આ મોટો વધારો સ્પેસએકસના $૪૦૦ બિલિયનના નવા વેલ્યુએશન અને આવતા વર્ષે કંપનીના IPO લાવવાની તૈયારીઓને કારણે થયો છે. સ્પેસએકસના શેરના વેચાણના સમાચારો બાદ મસ્કની નેટવર્થમાં એક જ દિવસમાં $૧૬૮ બિલિયનનો વધારો થયો છે.આમ ઈલોન મસ્કની સંપત્તિમાં એક જ દિવસમાં આશરે ૧૫ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. જ્યારે બીજી તરફ મુકેશ અંબાણીની અત્યાર સુધીની કુલ નેટવર્થ ૧૦ લાખ કરોડની આસપાસ છે.

મસ્ક સ્પેસએકસમાં આશરે ૪૨% હિસ્સો ધરાવે છે. જો કંપની આગામી વર્ષે પબ્લિક લિસ્ટિંગ() કરે, તો તેનું વેલ્યુએશન ૬૧.૫ ટ્રિલિયન સુધી પહોંચી શકે છે, જે મસ્કને વિશ્વના પ્રથમ 'ટ્રિલિયોનેર' બનાવી દેશે.

ટેસ્લામાં મસ્કનો ૧૨% હિસ્સો છે, જેની કિંમત હાલ ૬૧૯૭ બિલિયન છે. ૨૦૨૫માં ટેસ્લાના શેર અત્યાર સુધીમાં ૧૩% વધી ચૂક્યા છે.

તેમનું એઆઈ સ્ટાર્ટઅપ પણ ૬૨૩૦ બિલિયનના વેલ્યુએશન પર નવું રોકાણ મેળવવા માટે તૈયાર છે.

તાજેતરમાં એક પોડકાસ્ટમાં વાત કરતા મસ્કે એક ચોંકાવનારી આગાહી કરી હતી. તેમણે કહ્યું કે, ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિકસ માનવીની તમામ જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતા હશે, જેના કારણે 'પૈસા'નો કન્સેપ્ટ જ ખતમ થઈ જશે.

સોનુ	ચાંદી
₹૧,૩૩,૯૧૦	₹૧,૯૯,૧૦૦
-૧૫૨૦	-૩૬૦૦
Today Rate (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ)	(૧ કિલો)

ડોલર	પાઉન્ડ
₹૯૦.૮૧	₹૧૨૧.૩૮

બિહારમાં નીતીશકુમારે મુસ્લીમ યુવતીનો હિજાબ ખેંચતા રાજકીય વિવાદ

મુખ્ય સમાચાર, પટણા

બિહારમાં નવનિયુક્ત ઉમેદવારોને નિમણૂકપત્ર એનાયત કાર્યક્રમમાં મુખ્યમંત્રી નીતીશકુમારે મુસ્લીમ યુવતીનો હિજાબ ખેંચતા રાજકીય વિવાદ શરૂ થયો છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર વીડિયો શેર કરતા કોંગ્રેસે લખ્યું, આ બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમાર છે. તેમની બેશરમી જુઓ, એક મહિલા ડોકટર તેનો એપોઈન્ટમેન્ટ લેટર લેવા આવી હતી, અને નીતિશ કુમારે તેનો હિજાબ ઉતારી દીધો.

રાજ્યમાં મહિલાઓની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરતા પાર્ટીએ ઉમેર્યું, બિહારમાં સર્વોચ્ચ પદ સંભાળતો એક પુરુષ ખુલ્લેઆમ આવા ઘૃણાસ્પદ કૃત્યમાં સંડોવાયેલો છે. વિચારો, રાજ્યમાં મહિલાઓ કેટલી સુરક્ષિત રહેશે? તેમના રાજીનામાની માગ કરતા કોંગ્રેસે કહ્યું, નીતીશ કુમારે આ ઘૃણાસ્પદ વર્તન માટે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ.

આ ઘૃણાસ્પદ કૃત્ય અક્ષમ્ય છે. આ ઘટના મુખ્ય પ્રધાન નિવાસસ્થાને યોજાયેલા નિમણૂક પત્ર વિતરણ સમારોહ દરમિયાન બની હતી, જ્યાં નવા ભરતી થયેલા આયુષ ડોક્ટરોને તેમના નિમણૂક પત્રો સોંપવામાં આવી રહ્યા હતા.

વીડિયોમાં દેખાતી મહિલાની ઓળખ નુસરત પરવીન તરીકે થઈ છે. ફૂટેજમાં, નિતીશ કુમાર નિમણૂક પત્ર આપ્યા પછી અને તેને ઉતારવાની સૂચના આપ્યા પછી તેને તેના માથાના સ્કાર્ફ વિશે પૂછતા અને તેને ઉતારવાની સૂચના આપતા જોવા મળી રહ્યા છે. ત્યારે તે જવાબ આપે તે પહેલાં જ સીએમએ કથિત રીતે યુવતીનો હિજાબ પોતે જ ઉતારી દીધો હોવાનો આરોપ કરવામાં આવી રહ્યો છે.

મુખ્ય પ્રધાનના આ પગલાથી મહિલા સ્પષ્ટપણે ચોંકી ગઈ હતી, જ્યારે કાર્યક્રમમાં હાજર અન્ય પાછળ સ્ટેજ ઊભા રહીને પર હસતા જોવા મળ્યા હતા. કાર્યક્રમમાં કુલ ૧,૨૮૩ આયુષ ડોક્ટરોને નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા.

જેમાં ૬૮૫ આયુર્વેદિક, ૩૯૩ હોમિયોપેથિક અને ૨૦૫ યુનાની પ્રેક્ટિટશનરોનો સમાવેશ થાય છે. તેમ છતાં બિહાર સીએમની આ હરકતથી ચોકકસ પણે આકોશ લોકોમાં જોવા મળી રહ્યો છે, અને જેથી હવે તે વિવાદ કરી શકે છે.

આજે આઇપીએલ માટે ખેલાડીઓનું ઓકશનઃ ૨૩૭.૫૫ કરોડનું બજેટ

મુખ્ય સમાચાર, નવી દિલ્હી

આઈપીએલ ૨૦૨૬ સીઝનની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે, અને સૌથી રોમાંચક ભાગ મીની હરાજી છે, જે આજે, ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ યોજાવાની છે. હરાજીમાં કુલ ૩૬૯ ખેલાડીઓ ભાગ લેવા માટે તૈયાર છે. શરૂઆતમાં, આ સંખ્યા ૩૫૦ હતી, પરંતુ છેલ્લી ઘડીએ ૧૯ વધુ નામો ઉમેરવામાં આવ્યા હતા. જોકે, મહત્તમ ૭૭ ખેલાડીઓ જ પાત્ર બનશે. દસ ટીમોને મહત્તમ ૭૭ સ્લોટ ભરવાની જરૂર છે, જેમાંથી ૩૧ વિદેશી ખેલાડીઓ માટે અનામત છે. દરેક ટીમમાં ૧૮ થી ૨૫ ખેલાડીઓની મર્યાદા છે, જેમાં મહત્તમ આઠ વિદેશી ખેલાડીઓ હોઈ શકે છે.. ૧૦ ટીમો પાસે કુલ ૨૩૭.૫૫ કરોડ (આશરે ૧.૫ બિલિયન) ની રકમ છે. હરાજીમાં ૩૫૦ ખેલાડીઓ ભાગ લેશે, પરંતુ ફક્ત ૭૭ ખેલાડીઓ જ વેચાશે, કારણ કે ત્યાં ફક્ત ઘણા બધા સ્લોટ ઉપલબ્ધ છે. ૪૦ ખેલાડીઓ માટે સૌથી વધુ બેઝ પ્રાઈસ ૩.૨ કરોડ (આશરે ૨ બિલિયન) છે, જ્યારે ૨૨૭ ખેલાડીઓ માટે સૌથી ઓછી બેઝ પ્રાઈસ ૩૦ લાખ (આશરે ૩ મિલિયન) છે.ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દેશની બે ફ્રેન્ચાઇઝ લીગ, ઇન્ટિયન પ્રીમિયર લીગ અને મહિલા પ્રીમિયર લીગનું આયોજન કરે છે. બીસીસીઆઈ આજે આઈપીએલ મેગા હરાજી પણ કરશે. આ વખતે પણ મલ્લિકા સાગર હરાજી કરનાર હશે.

આઈપીએલ મીની ઓકશનમાં, ટીમો વણીયાર ચોકકસ ખેલાડીઓ પર મોટી રકમ ખર્ચ કરે છે. છ ખેલાડીઓને ૩૨ કરોડ (આશરે ડોલર ૧.૫ બિલિયન) થી વધુમાં ખરીદવામાં આવ્યા છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં તાપમાનનો પારો ગગડ્યો

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે શિયાળાનો પ્રથમ કાર વર્તાતા ટાઢોડું છવાઈ ગયુ છે. આજે લઘુતમ તાપમાનનો પારો ઉંચે ગયો છે પરંતુ ઠારના કારણે ઠંડકમાં વધારો નોંધાયો છે. આજે નલીયામાં ૧૧.૨, રાજકોટમાં ૧૫.૩, જામનગરમાં ૧૪.૫, અમરેલીમાં ૧૨.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ છે. વહેલી સવારથી ઠારની અસર વધુ વર્તાવવા લાગતા લોકોને શિયાળાની વધુ અસર થવા લાગી છે. અને ઠંડીથી બચવા લોકો ગરમ વષોનો અને તાપણાનો સહારો લઈ રહયા છે.

જામનગરમાં બાજરા સંશોધન કેન્દ્ર જામનગર તરફથી મળેલ તાપમાનની વિગત નીચે મુજબ છે. લઘુતમ તાપમાન ૧૪.૫ સે.ગ્રે., મહતમ તાપમાન ૨૯.૫ સે.ગ્રે., ભેજનું પ્રમાણ ૭૫ ટકા, પવનની ગતિ ૫.૨ કિ.મી. રહી છે.

રાજકોટના ઐતિહાસીક વારસાનું જતન કરવા રાજય સરકારે આપી સૂચના

હેરીટેજ સ્થળોનું જતન કરવા ખાસ સર્વે કરાશે

મુખ્ય સમાચાર, રાજકોટ

મહાપાલિકા દ્વારા રેસકોર્સની આર્ટ ગેલેરી ખાતે હેરીટેજ રાજકોટ અને મહાનગરના રજવાડી વારસા સહિતનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે ત્યારે હવે રાજકોટના આ ઐતિહાસિક વારસાનું જતન કરવા પણ રાજય સરકારે પણ સૂચના આપી છે. આથી જુના રાજકોટ સહિતના દાયકાઓ જુના બાંધકામો, તળાવ, ધાર્મિક, સામાજીક અને લોકસાહિત્ય સહિતના વારસાનું જતન કરવા ખાસ સર્વે કરવા નિર્ણય લેવાયો છે. તેના ભાગરૂપે ખાસ સલાહકાર નીમવા ટેન્ડર બહાર પડાયું છે.

રાજકોટમાં કલ્ચરલ હેરીટેજ પોલીસી બનાવવા માટે ખાસ સલાહકાર નિમવામાં આવશે. તેના પરથી હેરીટેજ સ્થળોનું જતન કઈ રીતે કરવું તેના લાંબાગાળાનું આયોજન કરવા તંત્રની ગણતરી છે.

શહેરમાં વર્ષો પહેલા બનાવવામાં આવેલ ઐતિહાસિક સ્થળો, ઈમારતો, તળાવો, ટાવર,

શાળાઓ, જાહેર સ્થળો, ગાર્ડન, જૂની કચેરીઓ, શાક માર્કેટ, વોલ ટાવર, ઐતિહાસિક બજારો આજે પણ રાજકોટની ઓળખમાં સામેલ છે. પરંતુ સંખ્યાબંધ ઈમારતો ખખડેલી હાલતમાં આવી ગઈ છે. અનેક ઈમારતો નામશેષ થવા લાગી છે.

આથી નવા શહેરમાં પણ ઐતિહાસિક ઘરોહરની માહિતી સાથે તે સમયના બાંધકામો સહિતનું જ્ઞાન લોકોને પ્રાપ્ત થાય તે માટે સરકારે રાજકોટ શહેરમાં આવેલ જૂના બાંધકામોથી માંડી ગરબા, લોકસાહિત્ય સહિતના વારસાને જીવંત રાખવા માટે સર્વે કરી જાળવણી કરવાની સૂચના આપી છે. જેથી કોર્પો.એ ઐતિહાસિક ઘરોહરોનો સર્વે કરવા માટે ક્વોલટેન્ટની નિમણુક કરવા ટેન્ડર જાહેર કર્યા છે.

મહાત્મા ગાંધીજીની યાદો જ્યાં જોડાયેલી છે તે ધર્મેન્દ્ર રોડ પર આવેલ કે.બા. ગાંધીનો ડેલો તથા ગાંધી મ્યુઝીયમ સહિતની અમુક પ્રાચિન ઈમારતોની જાળવણી કરવામાં આવી છે. તેમજ આ ઘરોહરોનું મ્યુઝીયમમાં રૂપાંતર કરી જર્જરિત થતી બચાવવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓને તેના વિશે વધુમાં વધુ જાણકારી ઉપલબ્ધ થાય તે માટે હેરીટેજમાં સામેલ કરાયા છે. દરબારગઢના રીનોવેશનનું પણ પ્લાનિંગ થયું છે. તો બીજી તરફ શહેરમાં અનેક પ્રાચિન ઈમારતો હજૂ પણ દિવસે દિવસે જર્જરિત થતી જાય છે. પરંપરાગત સંસ્કૃતિ, પ્રાચિન ગરબીઓ તેમજ લોકસાહિત્યો સહિતના વારસાનું જતન થાય તો નવી પેઢી ઈતિહાસ જાણી અને જોઈ શકે છે. આથી સરકારે હેરીટેજનું જતન કરવા જણાવ્યું છે.

હવે સલાહકાર મળે એટલે હેરીટેજ રાજકોટનો વિશાળ સર્વે થશે અને રીપોર્ટ બનાવવામાં આવશે. તે બાદ કયા સ્થળનું કઇ રીતે જતન કરવું તેના પ્લાન બનાવવામાં આવશે.

અમદાવાદમાં ગેરકાયદેસર દબાણો સામે તંત્રની લાલ આંખ યથાવતઃ ૧૫૦ મકાનો તોડી પડાયા

મુખ્ય સમાચાર, અમદાવાદ

અમદાવાદમાં ગેરકાયદેસર દબાણો સામે તંત્રની લાલ આંખ યથાવત છે. અમદાવાદમાં ફરી એકવાર તંત્ર દ્વારા મોટાપાયે ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આજે કુબેરનગર વિસ્તારમાં આવેલા કમલ (ઉમલા) તળાવ ખાતે કોર્પોરેશનની ટીમ ત્રાટકી હતી અને અંદાજે ૧૫૦ જેટલા દબાણો તોડી પાડ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસારઅમદાવાદના કુબેરનગર રોડ પર આવેલા કમલ તળાવની જમીન પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે આજે સવારથી દ્વારા મેગા ડિમોલિશન ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગે પોલીસ બંદોબસ્ત સાથે તળાવની આસપાસના આશરે ૧૫૦ જેટલા દબાણો પર બુલડોઝર ફેરવી દીધું છે, જેના કારણે અનેક પરિવારો બેઘર બન્યા છે અને સ્થાનિકોમાં ભારે રોષની લાગણી છે.

વર્ષોથી રહેતા લોકોના મકાનો તૂટતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ અને આક્રોશ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ તંત્ર પાસે માંગ કરી હતી કે તેમને રહેવા માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવે. અસરગ્રસ્તોએ જણાવ્યું હતું કે, જો સરકાર તેમને અન્ય સ્થળે રહેવાની વ્યવસ્થા કરી આપે તો તેઓ ત્યાં જવા માટે તૈયાર છે, પરંતુ અચાનક છત છીનવાઈ જતાં તેમની હાલત કફોડી બની છે.

ડિમોલિશનની કામગીરી દરમિયાન સંવેદનશીલતા દાખવતા, કમલા તલાવડી વિસ્તારમાં આવેલું શ્રદ્ધાનું કેન્દ્ર સમા ખોડિયાર માતાના મંદિરને હાલ પૂરતું તોડવામાં આવ્યું નથી. બીજી તરફ, સ્થાનિકોના વિરોધ અને હોબાળાને પગલે સ્થળ પર હાજર પોલીસે મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો અને શાંતિપૂર્ણ રીતે કામગીરી પૂર્ણ કરાવવા જહેમત ઉઠાવી હતી.

સ્થાનિક પોલીસની હાજરીમાં તંત્રએ ઘર પર બુલડોઝર ફેરવતા સ્થાનિકો ચોધાર આંસુએ રડી પડ્યા હતા. મહિલા, બાળકો, વૃદ્ધો નજર સામે ઘર તૂટતાં જોઈ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા. સ્થાનિકોની માંગ છે કે સરકાર ઘર તોડી રહી છે તો તેમને રહેવા માટે બીજી વ્યવસ્થા કરવામાં આવે. તળાવની આસપાસ કુલ ૧૫૦ ઘર તોડવામાં આવ્યા છે. જોકે આ વિસ્તારમાં આવેલું ખોડિયાર માતાનું મંદિર હાલ પૂરતું તોડવામાં આવશે નહીં.

જામનગરમાં વૃદ્ધ મહિલાની ચેઈન લૂંટનો ભેદ ઉકેલાયો રિક્ષાચાલક સહિત બે આરોપીઓની ઝડપાયા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરમાં એક વૃદ્ધ મહિલા પાસેથી રૂ. ૧.૫૦ લાખના સોનાના ચેઈનની લૂંટનો ભેદ સિટી એ-ડિવિઝન પોલીસે ઉકેલી નાખ્યો છે. પોલીસે આ ગુનામાં રિક્ષાચાલક સહિત બે આરોપીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી લૂંટાયેલો સોનાનો ચેઈન અને ગુનામાં વપરાયેલી રિક્ષા કબજે કરવામાં આવી છે.તાજેતરમાં ન્યૂ સાધના કોલોનીમાં રહેતા ૭૭ વર્ષીય મણીબેન સમસુદીનભાઈ પુંજાણી અને તેમના પતિ ચાલીને જઈ રહ્યા હતા. ત્યારે પાછળથી આવેલા એક અજાણ્યા શખ્સે મણીબેનને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીએ રૂ. ૧.૫૦ લાખનો સોનાનો ચેઈન લૂંટી લીધો હતો અને મણીબેનને ધક્કો મારી પાડી દેતા તેમને શરીરે મુંઢમાર અને છોલછાલની ઈજાઓ થઈ હતી.લૂંટ ચલાવ્યા બાદ આરોપી તેના સાથી સાથે રિક્ષામાં બેસીને ફરાર થઈ ગયો હતો. આ અંગે મણીબેનની ફરિયાદના આધારે સિટી એ-ડિવિઝન પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પીઆઈ એન.એ. ચાવડાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી.

પોલીસ ટીમોએ ઘટનાસ્થળની આસપાસના અને કમાન્ડ કંટ્રોલના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. જેમાં આરોપીઓ જે સીએનજી રિક્ષા લઈને આવ્યા હતા તેનો રજિસ્ટ્રેશન નંબર GJ-25-V-0908 જણાઈ આવ્યો હતો. આ નંબરના આધારે પોલીસે રિક્ષાની શોધખોળ શરૂ કરી હતી.વોચ દરમિયાન સર્વેલન્સ સ્ટાફને બાતમી મળી હતી કે આ સીએનજી રિક્ષા ઠેબા ચોકડી તરફથી જામનગર આવી રહી છે અને તેમાં બે શખ્સો બેઠા છે. આ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી સીએનજી ઓટો રિક્ષા સાથે બે આરોપીઓને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં અતુલ દિલીપભાઈ રાજકોટિયા ઉં.વ. ૨૪, રિક્ષા ડ્રાઈવર, રહે. કડિયા પ્લોટ, કામદાર ચોક, કમલાબાગ પોલીસ સ્ટેશન પાસે, પોરબંદર, મૂળ રહે. મહુવા રોડ, સુંદરીયાવાસ પાછળ, અધ્યાપન સ્કૂલ પાછળ, સાવરકુંડલા, જિ. અમરેલી.અને કરણ ઉર્ફે ગઠીયો હિંમતભાઈ સોલંકી ઉં.વ. ૨૧, દેવીપૂજક, રહે. ખાપટ, નાગબાપાના મંદિર પાસે, ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન, પોરબંદરનો સમાવેશ થાય છે.પોલીસે તેમની પાસેથી લૂંટાયેલો સોનાનો ચેઈન,સીએનજી ઓટો રિક્ષા, એક મોબાઈલ ફોન કિંમત રૂ. ૫,૦૦૦ અને છરી સહિત કુલ રૂ. ૩,૦૫,૦૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.પોલીસે બંને આરોપીઓની વધુ પૂછપરછ હાથ ધરી છે.

જામનગરમાં વિદેશી દારૂના ૧,૪૫૨ ચપટા ભરેલી ગાડી સાથે શખ્સ ઝડપાયો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરમાં બુટલેગરો બેફામ બની રહ્યા છે.ત્યારે શહેરમાંથી સીટી સી ડિવિઝન પોલીસે વિદેશી દારૂના ૧૪૫૨ ચપટા નાની બોટલો.સાથે એક શખસને ઝડપી લીધો છે. તેના કબજામાંથી રૂ.૧૧.૪૪ લાખનો મુદામાલ કબજે કરવામાં આવ્યો છે. બે શખસોના નામ ખુલ્યા છે.શહેરના વુલનમીલ પાછળ, ડીફેન્સ કોલોની રાજહંશ બુકસ્ટોર પાસે રહેતો કાયા કરશનભાઈ સાખરા નામનો શખસ પોતાની કબજાની પીકઅપ ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લઈને ઉભો હોવાની સીટી સી ડિવિઝન પોલીસને બાતમી મળી હતી.

જે બાતમીના આધારે પીઆઈ એન.બી.ડાભી સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો અને પીકઅપ વાહનને આંતરી લીધું હતું.વાહનની તલાસી લેતાં તેમાંથી રૂ.૬,૩૯,૬૦૦ની કિંમતની વિદેશી દારૂના ૧૪૫૨ ચપટા મળી આવતા કાયા કરશનભાઈ સાખરાની ધરપકડ કરી હતી. તેના કબજામાંથી એક મોબાઈલ ફોન અને રૂ.૫ લાખની ગાડી મળીને કુલ રૂ.૧૧,૪૪,૬૦૦નો મુદામાલ કબજે કરવામાં આવ્યો છે.તેની પુછપરછ કરતા જામનગરના જ જીજ્ઞેશ ઉર્ફે જીગો રહીશ વિનોદભાઈ ખીચડા અને દિપક ઉર્ફે અટાપટુ જમનાદાસ જેઠવાણીના નામ ખુલતા પોલીસે તે બન્ને શખસોને ફરાર જાહેર કરીને શોધખોળ આરંભી છે.

જામનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની ૬૪મી બેઠક યોજાઈ

જામનગરના ૬૬ ગામોને રૂ.૩૪.૫૧ લાખથી વધુનું પાણી વેરા પ્રોત્સાહન અપાયું

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર, જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની ૬૪મી બેઠક જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજવામાં આવી હતી. આ બેઠક દરમિયાન, ગ્રામીણ જળ વ્યવસ્થાપનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ મહત્વપૂર્ણ નાણાકીય ફાળવણી અને યોજનાઓને મંજૂરી આપવામાં આવી હતી. વાસ્મો દ્વારા સંચાલિત પાણી વેરા પ્રોત્સાહન યોજના અંતર્ગત જામનગર જિલ્લાના કુલ ૬૬ ગામોને પ્રોત્સાહિત કરવા માટે જિલ્લા પંચાયત જામનગરને રૂપિયા ૩૪,૫૧,૫૬૭ ની કુલ રકમ ફાળવવામાં આવી હોવાની માહિતી આપવામાં આવી હતી. આ રકમમાં ૬૬ ગામોને મુખ્ય પ્રોત્સાહન સ્વરૂપે રૂ. ૩૩,૦૭,૯૯૩.સુધાધુના સેવા સહકારી મંડળીને રૂ. ૩૦,૦૦૦ તેમજ લગત ગામના ને રૂ. ૧,૧૩,૫૭૪નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત બેઠકમાં જિલ્લાના જળ સ્ત્રોતોની લાંબા ગાળાની જાળવણી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે જામનગર જિલ્લાનો સોર્સ સસ્ટેનેબિલિટી પ્લાન પણ મંજૂર કરવામાં આવ્યો હતો.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, વાસ્મોના અધિકારીઓ સહિત સંબંધિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

જામનગરમાં શ્વાનના બચ્ચાની ક્રૂરતા-પૂર્વક હત્યા, શ્વાન પ્રેમીઓમાં રોષ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના લાલબંગલા સર્કિટ હાઉસ નજીક ગત શનિવારે એક શ્વાનનું બચ્ચુ મૃત હાલતમાં મળી આવ્યું હતું. કોઈએ માનવતાની હદ વટાવતા તેના પગ કાપી નાખ્યા હતાં. આ અંગેની જાણ થતાં જ શ્વાનપ્રેમીઓ ત્યાં દોડી ગયા હતાં.

જામનગરના સર્કિટ હાઉસ નજીકના વિસ્તારમાં કોઈ નરાધમ વ્યક્તિએ ગલુડિયાના પગ કાપી નાખી કચરાના ઢગલામાં ફેંકી દીધું હતું જ્યાં તેનું મૃત્યુ થયું હતું.આથી શ્વાનપ્રેમીઓમાં રોષ જોવા મળ્યો હતો. એક શ્વાનપ્રેમી હિરેનભાઈ ઝાલા પોતાના સાથીદારો સાથે દોડી ગયા હતાં અને પોલીસ તેમજ મહાનગરપાલિકામાં જાણ કરી હતી. આથી મૃતક શ્વાનના બચ્ચાનો યોગ્ય નિકાલ કર્યો હતો. આ બનાવથી શ્વાન અને પશુપ્રેમીઓમાં રોષ ફેલાયો છે.

મોરબીમાં હોમ અને વાહન લોનમાં બેંકોની મનમાની સામે ગુજરાત હાઈકોર્ટમાં લેખિત રજુઆત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતાએ બેંક અને ફાયનાન્સ કંપનીઓ દ્વારા ગ્રાહકો પર થતી બિનઅધિકૃત કનડગત અંગે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસને લેખિત રજુઆત કરી ન્યાયની માંગ કરી છે.



મોરબી આજના સમયમાં સામાન્ય માણસ ઘર રહેવા તેમજ ધંધા-વ્યવસાય માટે બેંક અથવા ફાયનાન્સ કંપનીમાંથી લોન લઈને જીવન પસાર કરતો હોય છે. ત્યારે અમુક બેંકો અને ફાયનાન્સ કંપનીઓ દ્વારા લોનના હપ્તા બાબતે ગ્રાહકોને બિનઅધિકૃત રીતે માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની ફરિયાદો વધી રહી છે. આ મુદ્દે મોરબી જીલ્લા/શહેર ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતાએ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસને લેખિત રજુઆત કરી છે. રજુઆતમાં જણાવ્યા મુજબ, હપ્તા વસુલાત માટે બેંકના પ્રતિનિધિઓ ઘરે જઈ પરિવારજનોને ધમકાવે છે. ઉપરાંત, મકાન લોન અથવા વાહન લોન ધારકનું અકાળ અવસાન થવા પર લોન સાથે જોડાયેલ વીમા હોવા છતાં વીમા કંપની દ્વારા ચૂકવણીમાં વિલંબ થતા બે-ત્રણ હપ્તા બાકી રહે છે. આવા સંજોગોમાં બેંકો સીધી કાર્યવાહી કરી મકાનને સીલ મારી દે છે અથવા વાહન જપ્ત કરી લે છે.

આ સાથે લાલજીભાઈ મહેતાએ પ્રશ્ન ઉઠાવ્યો કે જો વીસ લાખ રૂપિયાનું મકાન હોય અને તેમાં પંદર લાખ ભરાઈ ચૂક્યા હોય, માત્ર પાંચ લાખ બાકી રહેતા હોવા છતાં આખા મકાનને સીલ મારવું કયા પ્રકારનો ન્યાય ગણાય? ગ્રાહકો દ્વારા પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે બેંક તરફથી ''હાઈકોર્ટમાંથી સત્તા છે'' એવો જવાબ આપવામાં આવતો હોવાનો ઉલ્લેખ પણ રજુઆતમાં કરવામાં આવ્યો છે. આ જ રીતે, દસ લાખની કિંમતના વાહનમાં છ લાખ ભરાઈ ગયા બાદ ચાર લાખ બાકી રહેતા વાહન જપ્ત કરી, ગ્રાહકની ગેરહાજરીમાં બે લાખમાં વેચી દેવામાં આવે છે અને બાકી રકમ લેણા તરીકે રાખવામાં આવે છે, જે સંપૂર્ણપણે અન્યાયકારી હોવાનું જણાવાયું છે. આવા કેસોમાં મૃતક લોન ધારકની વિધવા પત્નીને ભારે અન્યાય સહન કરવો પડે છે. આથી રજુઆતમાં માંગ કરવામાં આવી છે કે, બેંક કે ફાયનાન્સ કંપનીઓ દ્વારા મકાન સીલ કરવાનું અથવા વાહન જપ્ત કરવાનું પગલું ભરતા પહેલાં રેવન્યુ અધિકારીની હાજરી ફરજિયાત રાખવામાં આવે, ગ્રાહકને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવે અને સમગ્ર કાર્યવાહી કોર્ટ મારફતે થાય. ઉપરાંત, વીમાની ચુકવણી પૂર્ણ ન થાય ત્યાં સુધી મકાન કે વાહન અંગે કોઈ કાર્યવાહી ન કરવામાં આવે, જેથી સામાન્ય પ્રજાજનો લૂંટાતા બચી શકે છે.

પ્રોહિબીશનના ગુનામાં સંડોવાયેલ ઈસમને પાસા હેઠળ ડીટેઇન કરતી હળવદ પોલીસ

મુખ્ય સમાચાર, મોરબી

હળવદ વિસ્તારમાં પ્રોહિબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા ઈસમ સામે પાસા હેઠળ કાર્યવાહી કરી હળવદ પોલીસે આરોપીની અટકાયત કરી વડોદરા જેલ હવાલે કર્યો છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક તથા નાયબ પોલીસ અધિક્ષક, વાંકાનેર વિભાગની સુચના મુજબ જીલ્લામાં પ્રોહિબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને આવા તત્વોના ગુનાહિત ઈતિહાસની તપાસ કરી પાસા તથા હદપારી જેવા અસરકારક અટકાયતી પગલા લેવા સુચના આપવામાં આવી હતી. આ સુચનાના અનુસંધાને હળવદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે હળવદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઈંગ્લીશ દારૂના વેચાણના ગુનામાં સંડોવાયેલા ઈસમ સુરેશ જેસીંગભાઇ સુરેલા વિરુદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા

મેજિસ્ટ્રેટ સમક્ષ મોકલી હતી. જેને આધારે જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આરોપી સામે પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. પાસા વોરંટ મળ્યા બાદ આરોપીની તાત્કાલિક અટકાયત કરવા હળવદ પોલીસે અલગ અલગ ટીમો બનાવી કાર્યવાહી હાથ ધરી આરોપી સુરેશ જેસીંગભાઇ સુરેલા રહે. ગામ ગોલાસણ તા. હળવદ વાળાને પકડી પાસા એક્ટ હેઠળ ડીટેઇન કરી વડોદરા જેલ હવાલે કરવામાં આવ્યો છે.

જામનગર જિલ્લામાં બે દિવસમાં ૨૧૦ ઊંટને ઝેરબાઝ અને ખસ વિરોધી સારવાર અપાઈ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર પશુપાલન વિભાગ, તાલુકાની ટીમે સિક્કા ખાતે ઊંટ વર્ગના પ્રાણીઓ માટે ઝેરબાઝ એન્ટીસર.અને ખસ વિરોધી સારવાર કેમ્પનું આયોજન કર્યું હતું. આ કેમ્પમાં જામનગર પશુપાલન ટીમે કુલ ૧૩૦ ઊંટ વર્ગના પશુઓને તેમના ઘર આંગણે જ ઝેરબાઝ અને ખસ વિરોધી સારવાર પૂરી પાડી હતી, તેમજ ૪ બીમાર પશુઓની સારવાર કરી હતી. વધુમાં, પશુ રોગ અન્વેષણ એકમ- જામનગર દ્વારા પશુઓમાંથી બ્લડ સ્મિયર, બ્લડ તેમજ સ્કિન સ્ક્રેપિંગના વિવિધ નમુના લેવામાં આવ્યા હતા. આ જ ઝુંબેશને આગળ ધપાવતા, પશુપાલન વિભાગ, જામનગર હસ્તકના લાલપુર પશુપાલન શાખાની ટીમે લાલપુર તાલુકાના સિંગચ ખાતે પણ ઊંટ વર્ગના પ્રાણીઓ માટે ઝેરબાઝ એન્ટીસરા.અને ખસ વિરોધી સારવાર માટેના કેમ્પનું આયોજન કર્યું હતું.લાલપુર પશુપાલન ટીમ દ્વારા આ કેમ્પમાં કુલ ૮૦ ઊંટ વર્ગના

પશુઓને તેમના ઘર આંગણે જ ઝેરબાઝ અને ખસ વિરોધી સારવાર આપવામાં આવી હતી તેમજ ૦૫ બીમાર ઊંટની સારવાર કરવામાં આવેલ હતી. પશુઓની આંતરિક બીમારીઓ જેવી કે ચામડીના રોગ અને સરા ની તપાસ અર્થે પશુ રોગ અન્વેષણ એકમ- જામનગર દ્વારા પશુઓમાંથી બ્લડ સ્મિયર, બ્લડ તેમજ સ્કિન સ્ક્રેપિંગના વિવિધ નમુના લેવામાં આવ્યા હતા, આમ બે દિવસમાં કુલ ૨૧૦ ઊંટ વર્ગના પ્રાણીઓને નિદાન અને સારવારનો લાભ મળ્યો હતો.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મોરબી ખાતે યોગ ટ્રેનર રિફ્રેશર ટ્રેનિંગ યોજાઈ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મોરબીના જીલ્લા અને તાલુકામાં ચાલી રહેલ યોગ ટ્રેનર અને કોચ દ્વારા ચાલતા ક્લાસમાં કંઈક નવીનતાનો ઉમેરો થાય તે તેમજ તેમના જ્ઞાન કૌશલમાં વધારો થાય તે હેતુથી યોગ બોર્ડ દ્વારા એક દિવસીય રિફ્રેશર ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું.

આ તાલીમમાં મોરબી જીલ્લા અને તાલુકાના દરેક કોચ અને ટ્રેનર દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. આ ટ્રેનિંગને વધારે ઉત્સાહભેર બનાવવા માટે મોરબીના આયુર્વેદિક હોસ્પિટલના ડૉ.ખ્યાતિબેન દ્વારા આયુર્વેદ વિશે જ્ઞાન આપવામાં આવ્યું. જ્યારે પતંજલિના મહિલા પ્રભારી ભારતીબેન દ્વારા યોગનું મહત્વ અને યોગ દ્વારા સેવા ભાવ સમજાવવામાં આવ્યો હતો. યોગબોર્ડના ઝોન કો-ઓર્ડીનેટર વંદનાબેન રાજાણી દ્વારા યોગ બોર્ડના નિયમો અને યોગના અભ્યાસક્રમમાં આગળ કઈ રીતે વધી શકાય તે બાબતે સમજણ આપવામાં આવી તથા જીલ્લા કો-ઓર્ડીનેટર દેવાંશ્રીબેન દ્વારા અભ્યાસક્રમના દરેક પ્રેક્ટીકલ આસનો અને પ્રાણાયામ તથા ધ્યાન વિશે માહિતી આપવામાં આવી હતી. યોગ બોર્ડના ટ્રેનર્સ દ્વારા નેચરોપથીની સમજ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં યોગ બોર્ડના કોચ જીગ્નેશભાઈ, દિપાલીબેન, વૈશાલીબેન તથા પૂજાબેને કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી તથા યોગ ટ્રેનર દેવાંશીબેન ત્થા મયુરભાઈ દ્વારા સોશિયલ મીડિયા દ્વારા લોકોને માહિતી આપવામાં આવી હતી.

પીપળી રોડ પરથી વેપારીનું અપહરણ કરી માર મારવાના કેસમાં વધુ બે આરોપીઓની અટક

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના પીપળી રોડ પરથી વેપારીનું અપહરણ કરી માર મારવાની ઘટનામાં મોરબી પોલીસે ત્વરિત કાર્યવાહી કરી વધુ બે આરોપીઓની અટકાયત કરી છે. આ કેસમાં અત્યાર સુધી કુલ પાંચ આરોપીઓ ઝડપાયા છે.

મોરબીના પીપળી રોડ પરથી ફોર્ચ્યુનર કારમાં વેપારીનું અપહરણ કરી માર મારવાની ગંભીર ઘટનામાં મોરબી પોલીસ દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં આવી છે. અગાઉ ક્રાઈમ બ્રાંચે ગણતરીના કલાકોમાં ત્રણ આરોપીઓને ઝડપી લઈ ભોગ બનનારને સુરક્ષિત રીતે છોડાવ્યો હતો, જ્યારે હવે આ કેસમાં સંડોવાયેલા વધુ બે આરોપીઓની પણ અટકાયત કરવામાં આવી છે. જેના પગલે હાલ કુલ પાંચ આરોપીઓ પોલીસ કસ્ટડીમાં છે. અપહરણ કેસની ટુક વિગત મુજબ તા. ૧૩/૧૨ના રોજ મોરબી જીલ્લા કંટ્રોલ રૂમ તરફથી માહિતી મળી હતી કે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જેતપર રોડ પર એ.બી.સી. સિરામિક નજીકથી એક વેપારીનું ફોર્ચ્યુનર કારમાં અપહરણ કરી લઈ જવામાં આવ્યો છે. બનાવની ગંભીરતા ધ્યાનમાં લઈ મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ મોરબી લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટરને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

આ અનુસંધાને એલ.સી.બી. અને પેરોલ-ફર્લો સ્કવોડની ટીમોએ નાકાબંધી કરી મોરબી-કંડલા બાયપાસ રોડ પર ધરમપુર ગામના પાટીયા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન કાળા રંગની ફોર્ચ્યુનર કાર રજી.નં. જીજે-૦૩-એફડી-૭૯૯૭ને રોકી તપાસ કરતા તેમાં અપહરણ કરાયેલા વેપારી અમરતસિંઘ ભુરો ઉર્ફે ભુરસિંઘ સોઢા રહે. મોરબી મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે ભોગ બનનારના ભાઈ પાસેથી પૈસાની ઉઘરાણી બાબતે આરોપીઓએ ઝપાઝપી કરી બળજબરીથી અપહરણ કરી માર માર્યો હતો. આ કેસમાં પોલીસે નવઘણભાઈ ઉર્ફે ખુટીયો વેલજીભાઈ સોઢા ઉવ.૪૦ રહે.જેતપર ગામ તા.જી મોરબી મૂળ ગામ માળીયા(મી), પિયુષભાઈ હસમુખભાઈ લોરીયા ઉવ.૩૫ રહે. આમજા ગામ તા.જી.ગાંધીનગર હાલ રહે. લૂંટાવદર ગામ તા.જી. મોરબી તથા ભગીરથભાઈ રતિલાલભાઈ થોરિયા ઉવ.૩૧ રહે.બગથળા ગામ તા.જી.મોરબી વાળાને ઝડપી લઈ તેમની પાસેથી ફોર્ચ્યુનર કાર તથા ચાર મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૦.૪૦ લાખનો મુદામાલ કબજે કર્યો હતો.

આગળની તપાસ દરમિયાન સંડોવાયેલા વધુ બે આરોપી હાર્દિકભાઈ શામજીભાઈ થોરીયા ઉવ.૩૩ રહે.બગથળા ખડી તથા આરોપી હસમુખભાઈ બહાદુરભાઈ પાટડીયા ઉવ.૩૦ રહે. મોરબી મહેન્દ્રનગર સામે ગાયત્રી સોસાયટી વાળાની પણ ધરપકડ કરવામાં આવતા હાલ આ અપહરણ અને મારામારીના કેસમાં કુલ પાંચ આરોપીઓ ઝડપાયા છે. તમામ આરોપીઓ વિરૂદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આતંકવાદી તેમજ દેશદ્રોહી પ્રવૃત્તિઓ રોકવા જિલ્લાના ૧૨ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ જાહેર કરાયો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લામાં કુલ ૧૨ દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ પર માનવ વસાહત આવેલ છે. જયારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહિત છે. આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક જગ્યાઓ આવેલ છે. જે જગ્યાઓએ અવારનવાર ધાર્મિક પ્રસંગોએ અને દર્શનાર્થે માણસો અવર-જવર કરે છે. આ ટાપુઓ પર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો સહેલાઈથી આ દરિયાઈ ટાપુઓ ઉપર આશ્રય મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તેવી પુરી સંભાવના છે. આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઇ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ઈ.ચા..બ્રિજેશ કાલરીયા દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર જામનગર જિલ્લાના આ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.પ્રવાસીઓને પિરોટન ટાપુ પર જવા-આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગરની પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે. જાહેરનામું આગામી તા.૧૦-૦૨-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.પ્રવેશ માટે પ્રતિબંધિત કરવામાંઆવેલ ટાપુઓની વિગત.

ખારા બેરાજા ગામ નજીકના ભેંસબીડ ટાપુ, સરમત ગામ નજીકના દંડીકા ટાપુ અને મુંડીકા ટાપુ તથા બેડી ગામ નજીકના ઝિન્દ્રા ટાપુ, પિરોટન ટાપુ, અમુડી બેલા ટાપુ, બડા બેલા ટાપુ, કોદરા બેડ ટાપુ, જુના બેલા ટાપુ, સોસબારી અને ઘાખડી નોવાડા તથા ધોરી ક્રિક આ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

મોરબીના ધરમપુર રોડ ઉપર સુપર કેરી વાહનની ઠોકરે રોડ ક્રોસ કરી રહેલ આધેડનું મોત

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં ધરમપુર રોડ ઉપર લાભનગર નજીક હિટ એન્ડ રનના બનાવમાં સુપર કેરી વાહનના ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડમાં ચલાવી આવી રોડ ક્રોસ કરી રહેલ આધેડને હડફેટે લેતા, માથામાં અને શરીરે ગંભીર ઇજાઓ પહોચતા, તેઓનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી સુપર કેરીનો ચાલક પોતાનું વાહન લઈને નાસી ગયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, હિટ એન્ડ રન અકસ્માતમાં મરણ જનારના દીકરા દેવરાજભાઈ દિનેશભાઇ ઇન્દરીયા ઉવ.૨૧ રહે. વેજીટેબલ રોડ લાભનગર સોસાયટી મોરબી-૨ મૂળ રહે. મોટા દહીંસરા તા.માળીયા(મી) વાળાએ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં મારુતિ સુપર કેરી વાહન રજી.નં. જીજે-૩૬-વી-૭૨૯૪ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૦૩/૧૨ના રોજ ફરિયાદીના પિતા દિનેશભાઇ ગોવિંદભાઇ ઇન્દરીયા ઉવ.૪૫ વાળા ધરમપુર રોડ ઉપર લાભનગર નજીક ખોડિયાર માતાના મંદિર નજીક રોડ ક્રોસ કરી રહેલ હોય ત્યારે ઉપરોક્ત સુપર કેરીના ચાલકે તેનું વાહન પુરઝડપે ચલાવી આવી દિનેશભાઇને હડફેટે લેતા, તેમને માથામાં અને શરીરે ગંભીર ઇજાઓ પહોચતા દીનેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતના બનાવ બાદ તુરંત સુપર કેરી વાહનનો ચાલક પોતાનું વાહન લઈને ભાગી હતો. હાલ બી ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખોરાકી-પોષાકીનો એકતરફી થયેલ હુકમ રદ કરતી ધોરાજી સેશન્સ કોર્ટ

મુખ્ય સમાચાર, ધોરાજી
અહેવાલ - કૌશલ સોલંકી

ધોરાજીમાં રહેતા જુનેદભાઈ ઈબ્રાહીમભાઈ કુરેશી સામે તેમનાં પત્નિ શબાનાબેન જુનેદભાઈ કુરેશી અને બાળકોએ ખોરાકી-પોષાકી મળવા અરજી કરેલ અને અરજીમાં એકતરફી કામ ચલાવવાનો હુકમ મેળવી મહીને રૂા.૭૫૦૦/-નો હુકમ મેળવેલ. જે હુકમ ધોરાજીનાં મહેરબાન એડીશનલ ડીસ્ટ્રક્ટ એન્ડ સેશન્સ જજે રદ કરતો હુકમ ફરમાવેલ છે.

આ કેસની હકીકત એવી છે કે, અરજદાર શબાનાબેન જુનેદભાઈ કુરેશી અને બાળકોએ તેમનાં પતિ જુનેદભાઈ ઈબ્રાહીમભાઈ કુરેશી સામે ખોરાકી-પોષાકી મળવા કોજદારી પરચૂરણ અરજી નંબર-૨૨૬/૨૦૨૩ થી અરજી ધોરાજી કોર્ટમાં દાખલ કરેલ અને સદરહું અરજીમાં સામાવાળા પતિ જુનેદભાઈને નોટીસ બજી ગયેલ છે તેમ દર્શાવી એતરફી કામ ચલાવવાનો હુકમ મેળવેલ અને એકતરફી કામ ચલાવવાનો હુકમ થયા બાદ સામાવાળા પતિ જુનેદભાઈની ગેરહાજરીમાં કામ ચલાવી અરજદાર શબાનાબેન તથા સગીર બાળકોની મહીને રૂા.૭૫૦૦/- સામાવાળા પતિ જુનેદભાઈએ ચુકવવા તેવો હુકમ મેળવી લીધેલ. જે હુકમ થયા બાદ સામાવાળા પતિ જુનેદભાઈને હુકમ વિશે જાણકારી મળતા સામાવાળા પતિ જુનેદભાઈએ ધોરાજી સેશન્સ કોર્ટમાં ફોજદારી રીવિઝન અરજી નંબર-૨૦/૨૦૨૪ થી રીવિઝન દાખલ કરેલ અને રીવિઝન અરજીમાં સામાવાળા પતિ જુનેદભાઈ ઈબ્રાહીમભાલ કુરેશીનાં એડવોકેટ સંજયકુમાર પી વાઢેર એ દલીલ કરતા કોર્ટનાં ધ્યાન પર આવેલ કે પ્રથમ તાઃ ૧૮/૦૮/૨૦૨૩ નાં રોજ સામાવાળા પતિને નોટીસ કરવામાં આવેલ છે તે નોટીસમાં પોલીસનો શેરો વાંચતા સામાવાળા પતિ બહારગામ ગયેલ છે અને તેઓને ફોન કરતા ફોન રોંગ નંબર લાગેલ છે' અને નોટીસ વગર બજેલ પરત આવેલ છે. આમ નોટીસમાં આવો શેરો આવ્યા બાદ અરજદાર પત્નિએ સામાવાળા પતિનાં સરનામા અને મોબાઈલ નંબર બાબતે તા૨૨/૦૯/૨૦૨૩ નાં રોજ સોગંદનામુ કરી આપેલ અને ત્યાર બાદ અરજદાર પત્નિ તરફે સામાવાળાને નોટીસ બજેલ ન હોવા છતાં કામ એકતરફી ચલાવવા માટે તા૨૦/૦૪/૨૦૨૪ નાં રોજ અરજી આપવામાં આવેલ અને તે અરજી મંજુર થતાં અરજદારે એકતરફી કામ ચલાવી સામાવાળા સામે રૂા.૭૫૦૦/-નો હુકમ મેળવેલ. આમ સામાવાળા પતિ જુનેદભાઈને નોટીસ બજેલ ન હોવા છતાં નોટીસ બજી ગયેલ હોય તેવી અરજી આપી હુકમ મેળવેલ હોવાની હકીકત ધોરાજીનાં એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ એ. એમ. શેખે ગ્રાહય રાખી મુળ અરજીનાં કામે એકતરફી કામ ચલાવવાનો થયેલ હુકમ તથા ખોરાકી-પોષાકીની રકમ રૂા.૭૫૦૦/- નો થયેલ હુકમ રદ કરતો હુકમ તા૧૫/૧૨/૨૦૨૫ નાં રોજ ફરમાવેલ છે. આ કામમાં સામાવાળા પતિ જુનેદભાઈ ઈબ્રાહીમભાઈ કુરેશીનાં એડવોકેટ તરીકે એડવોકેટ ચંદુલાલ એસ. પટેલ તથા સંજયકુમાર પી. વાઢેર (મો.૯૨૨૮૫૮૭૯૯૯) રોકાયેલ હતા.

મોરબી ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત વધુ ચાર આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

મોરબી સાયબર ક્રાઇમ પોલીસે ૩૮.૪૨ લાખના સાયબર ફ્રોડના નાણા સગેવગે કરવાના રેકેટનો પર્દાફાશ કર્યો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીમાં રાજ્ય વ્યાપી ચાલતા ઓપરેશન મ્યુલ હંટ અભિયાન અંતર્ગત સાયબર ફ્રોડથી મેળવેલ રૂ.૩૮.૪૨ લાખની રકમ અલગ અલગ બેન્ક ખાતાઓ મારફતે ઉપાડી સગેવગે કરવાના ગુનામાં ચાર આરોપીઓ સામે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન મોરબીમાં ગુનો નોંધાયો છે.

મોરબી શહેર વિસ્તારમાં સાયબર ફ્રોડથી મેળવેલ નાણા સગેવગે કરવાના આરોપસર વધુ ચાર આરોપીઓ (૧)જયદિપપુરી કિશોરપુરી ગોસ્વામી રહે.સીરામીક સીટી અવધ પેલેસ ફ્લેટ નંબર ૭૦૩ લાલપર તા.મોરબી, (૨)આર્યમન ઉર્ફે ઉદય રાજેશભાઇ રૂંજા રહે.બોરીચા વાસ મોરબી હાલ રહે.ધર્મસૃષ્ટી સોસાયટી શનાળા બાયપાસ મોરબી, (૩)ભરતભાઇ પરમાર રહે.ધુનડા(સજજનપર) તા.ટંકારા તથા (૪)અભિષેકસિંહ ઉર્ફે અભિરાજસિંહ દશરથસિંહ જાડેજા રહે.મોરબી વાળા તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ફરિયાદ નોંધી છે કે, આરોપીઓએ પૂર્વ આયોજનબદ્ધ ગુનાહિત કાવતરું રચી સાયબર ફ્રોડથી મેળવેલા નાણાં સગેવગે કરવા માટે અલગ અલગ વ્યક્તિઓના બેન્ક ખાતાઓનો ઉપયોગ કર્યો હતો. આ કેસમાં મુખ્ય આરોપી અભિષેકસિંહ ઉર્ફે અભિરાજસિંહ દશરથસિંહ જાડેજા દ્વારા પોતાના સંપર્કમાં રહેલા અન્ય આરોપીઓ સાથે મેળાપીપણું કરી તા. ૨૮/૧૧/૨૦૨૫ થી તા. ૧૦/૧૨/૨૦૨૫ દરમ્યાન આરોપી જયદિપપુરી કિશોરપુરી ગોસ્વામી, આર્યમન ઉર્ફે ઉદય રાજેશભાઇ રૂંજા તથા ભરતભાઇ પરમારને એજન્ટ તરીકે નિમવામાં આવ્યા હતા. આરોપીઓને આર્થિક લાભની લાલચ આપી તેઓના બેન્ક એકાઉન્ટમાં સાયબર ફ્રોડથી મેળવેલી કુલ રૂ. ૩૮,૪૨,૬૫૦/-ની રકમ જમા કરાવવામાં આવી હતી. પછી આ રકમ ચેક અને એ.ટી.એમ. મારફતે ઉપાડી આંગડીયા મારફતે અન્યત્ર મોકલી સગેવગે કરવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. હાલ મોરબી સાયબર ક્રાઇમ પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મોરબીના સુરજ બાગ હેડ વર્કસમાં વાલ્વ શિફ્ટિંગ કામગીરીને કારણે ત્રણ દિવસ પાણી વિતરણ બંધ રહેશે

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકા વોટર વર્કસ શાખા દ્વારા સુરજ બાગ હેડવર્કસની મેન લાઈન ઉપર વાલ્વ શિફ્ટિંગ કામગીરી હાથ ધરાતા તા. ૧૬ થી ૧૮ ડિસેમ્બર દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે.

મોરબી મહાનગરપાલિકા વોટર વર્કસ શાખાએ યાદી મારફતે જાહેર કર્યું છે કે, મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સુરજ બાગ ખાતે બગીચાની કામગીરી હાલ પ્રગતિમાં છે. આ કામગીરીના અનુસંધાને ગૌશાળા હેડવર્કસથી સુરજ બાગ હેડવર્કસ સુધીની મેન લાઈન ઉપર વાલ્વ શિફ્ટિંગ તથા સલામતી સંબંધિત કામગીરી કરવાની હોવાથી તા. ૧૬/૧૨/૨૦૨૫ થી ૧૮/૧૨/૨૦૨૫ સુધી સતત ત્રણ દિવસ કામગીરી કરવામાં આવશે. આ કારણે શહેરના માધાપર વિસ્તાર, સોમૈયા સોસાયટી, ભગવતીપરા નવડેલા રોડ, નાસ્તા ગલી, પખાલી શેરી, ગેસ્ટ હાઉસ રોડ, નાગર પ્લોટ, વીસીપરા વિસ્તાર, દાણાપીઠ હેડવર્કસ વિસ્તાર, પંચાસર હેડવર્કસ વિસ્તાર, સુરજ બાગ હેડવર્કસ વિસ્તાર તેમજ રણછોડનગર હેડવર્કસ (દરબારગઢ) હેઠળ આવતા વિસ્તારોમાં કુલ ત્રણ દિવસ માટે પાણી વિતરણ બંધ રહેશે. આથી મોરબી મહાનગરપાલિકાના સિટી ઈજનેરે જાહેર જનતાને અપીલ કરી છે કે ઉપરોક્ત સમયગાળા દરમિયાન પાણીનો સંગ્રહ કરી લે તથા અસુવિધા બદલ સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

મોરબીમાં ૧૯ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન ત્રિદિવસીય ‘‘સશક્ત નારી મેળા’’નું આયોજન

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી નારી સશક્તિકરણ, વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા મોરબીમાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તા.૧૯ થી ૨૧ ડિસેમ્બર સુધી એલ.ઈ. ક્રિકેટ ગ્રાઉન્ડમાં ત્રિદિવસીય સશક્ત નારી મેળાનું આયોજન કરાયું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નારી સશક્તિકરણ તેમજ ‘‘ઘર ઘર સ્વદેશી, હર ઘર સ્વદેશી’’ની નેમ સાથે મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા અને દેશની પ્રત્યેક વ્યક્તિ રોજિંદા જીવનમાં સ્થાનિક તથા સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરે તેવું સ્વપન સેવ્યું છે. વડાપ્રધાનની વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારતની વિચારધારાને સાકાર કરવા દેશભરમાં અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ વિચારધારાના ભાગરૂપે ગુજરાત રાજ્યમાં પણ સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને મહિલા લક્ષી ઉદ્યોગો તથા કામગીરીને વધુ ઉત્તેજન મળે તે હેતુથી તા. ૧૧/૧૨/૨૦૨૫ થી ૨૩/૧૨/૨૦૨૫ દરમિયાન રાજ્યવ્યાપી ‘‘સશક્ત નારી મેળા’’નું આયોજન કરવામાં આવ્યું છે. જેના અંતર્ગત મોરબીમાં તા. ૧૯/૧૨/૨૦૨૫ થી ૨૧/૧૨/૨૦૨૫ દરમિયાન ત્રિદિવસીય ‘‘સશક્ત નારી મેળા’’નું આયોજન કરવામાં આવ્યું છે.

મોરબી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા એલ.ઈ. કોલેજના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આયોજિત આ મેળામાં મહિલા ઉદ્યોગ સાહસિકો, લખપતિ દીદીઓ, ડ્રોન દીદીઓ, સ્વસહાય જૂથો, મહિલા ખેડૂતો, સહકારી સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ તથા વિવિધ વ્યવસાયિકોને પોતાનો વિકાસ કરવાની અને તેમના સ્થાનિક તથા સ્વદેશી ઉત્પાદનોને યોગ્ય બજાર ઉપલબ્ધ થાય તેવું વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. આ સશક્ત નારી મેળો મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવામાં, ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા તેમજ સ્વદેશી મૂલ્યોને વધુ મજબૂત બનાવવા મહત્વની ભૂમિકા ભજવશે. સાથે સાથે વિકસિત ભારતની સંકલ્પનાને સાકાર કરવામાં મહિલાઓની સક્રિય આર્થિક ભાગીદારીને પણ સુનિશ્ચિત કરશે. સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા આયોજિત આ સશક્ત નારી મેળાનો વધુમાં વધુ લાભ લેવા અને મહિલા કારીગરોના રોજગારી સર્જન તથા આર્થિક ઉત્કર્ષમાં સહભાગી બનવા મોરબી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી દ્વારા નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

મોરબી જુગારમાં હાર બાદ વ્યાજના વિષચક્રમાં ફસાયેલા યુવકનો ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ

વ્યાજખોરોની પઠાણી ઉઘરાણી અને માનસિક ત્રાસથી કંટાળીને યુવકનો આત્મહત્યાનો પ્રયાસ, ચાર સામે સીટી એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીમાં જુગારમાં હારી ગયેલા ૨૨ લાખ રૂપિયાની ચૂકવણી માટે ઉંચા વ્યાજે નાણા લીધા બાદ વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને મિસ્ત્રી કામના કારીગરે ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. આ મામલે ભોગ બનનારની પત્નીની ફરિયાદના આધારે સીટી એ ડિવિઝન પોલીસે ચાર આરોપીઓ સામે બીએનએસ તથા ગુજરાત નાણા ધીરધાર અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મોરબીના રવાપર રોડ ઉમિયા સોસાયટી રામભક્તિ એપાર્ટમેન્ટ સામે રહેતા ડીમ્પલબેન અમિતભાઈ નૌતમભાઈ વડગામા ઉવ.૩૭એ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી દીપકસિંહ વાઘેલા રહે. નાની બજાર મોરબી, આકાશ કાથરાણી રહે. રાજકોટ, રણેશભાઈ રામભાઈ બોરીચા રહે. છાત્રાલય રોડ પંચવટી સોસાયટી મોરબી તથા ભગવાનભાઈ કુંભરવાડીયા રહે.રવાપર ઘુનડા રોડ શિવશક્તિ સોસાયટી મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તેમના પતિ અમિતભાઈ મિસ્ત્રી કામ કરે છે. ત્યારે વર્ષ ૨૦૨૧ની શરૂઆતમાં અમિતભાઈએ દિપકસિંહ વાઘેલા સાથે જુગારમાં રૂ.૨૨ લાખ હારી ગયા હતા. આ રકમ ચૂકવવા માટે તેમણે આકાશ કાથરાણી પાસેથી રૂ.૧૦ લાખ પાંચ ટકાના વ્યાજે લીધા હતા. વ્યાજ અને મુદલની રકમ વસૂલવા માટે આરોપી આકાશ કાથરાણીએ ધાક-ધમકી આપી બળજબરીપૂર્વક તેમના બે ફ્લેટના વેચાણ દસ્તાવેજ કરાવી લીધા હતા. આ ઉપરાંત જુગારની રકમ ચુકવવા માટે અમિતભાઈએ રમેશભાઈ બોરીચા પાસેથી સાડા પાંચ લાખ અને ભગવાનભાઈ કુંભરવાડીયા પાસેથી અઢી લાખ રૂપિયા પાંચ ટકાના વ્યાજે લીધા હતા. શરૂઆતમાં તેઓ વ્યાજ ચૂકવતા રહ્યા પરંતુ છેલ્લા બે મહિનાથી અમિતભાઈની તબિયત બગડતા વ્યાજ ચૂકવી શક્યા નહોતા. જેના કારણે તમામ આરોપીઓ દ્વારા અમિતભાઈ તથા તેમના પિતાને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતી હતી.

હાલ અમિતભાઈએ અત્યાર સુધી દિપકસિંહ વાઘેલાને રૂ.૧૮.૫૦ લાખ ચૂકવી દીધા છે, છતાં હજુ રૂ.૩.૫૦ લાખ બાકી હોવાનું કહી સતત ત્રાસ આપવામાં આવતો હતો. આ માનસિક દબાણ અને ઉઘરાણીના ત્રાસથી કંટાળીને અમિતભાઈએ તા.૧૩/૧૨ના રોજ મોરબી વાવડી ચોકડી પાસે ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, જેને તાત્કાલિક સારવાર અર્થે મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ સીટી એ ડિવિઝન પોલીસે ચારેય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા અને ગુજરાત નાણા ધીરધાર અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નાના થાવરીયા ગામમાં થેલેસેમિયાગ્રસ્ત ૧૨ વર્ષના બાળકને મધમાખી કરડી મૃત્યુ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર નજીકના નાના થાવરીયામાં વસવાટ કરતા એક યુવાનના બાર વર્ષના થેલેસેમિયાથી પીડાતા પુત્રને ઝેરી મધમાખી કરડી ગયા પછી રીએક્શન આવ્યું હતું. આ તરૂણને સારવાર માટે જામનગર હોસ્પિટલ લઈ જવાયો હોવા છતાં બચાવી શકાયો નથી. આ બનાવે ભારે અરેરાટી પ્રસરાવી દીધી છે.જામનગર તાલુકાના નાના થાવરીયા ગામમાં આવેલા વાડી વિસ્તારમાં વસવાટ કરતા ધીરૂભાઈ જેપાર નામના યુવાનનો બાર વર્ષનો પુત્ર વિશાલ થેલેસેમિયાની બીમારીથી પીડાતો હતો.

તે દરમિયાન આ બાળકને કોઈ ઝેરી મધમાખી દંશ મારી જતા આ બાળક બેશુદ્ધ બની ગયો હતો. સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવેલા વિશાલનું મૃત્યુ નિપજ્યું છે. આ બનાવના પગલે નાના થાવરીયા ગામમાં શોક પ્રસરી ગયો છે.

હળવદ જુના ઝઘડાનો ખાર રાખી યુવક અને તેના પરિવાર ઉપર હુમલો

મુખ્ય સમાચાર, મોરબી

હળવદ બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં રહેતા યુવક સાથે અગાઉના ઝઘડાનો ખાર રાખી ત્રણ જેટલા ઈસમોએ તલવાર તથા ધોકાઓ સહિતના ઘાતક હથિયારો સાથે આવી યુવક અને તેના પરિવાર ઉપર હુમલો કર્યો હતો, અને યુવકના ત્રણ જેટલા વાહનમાં તોડફોડ કરી નુકસાની કરી હતી. આ હુમલામાં યુવકને અને તેમના બહેનને મૂંઢ ઈજાઓ પહોંચી હતી. હાલ ઈજાગ્રસ્ત યુવકની ફરિયાદને આધારે હળવદ પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ બસ સ્ટેન્ડ પાછળ રહેતા અને ફાયનાન્સ કંપનીમાં નોકરી કરતા વિજયભાઈ કાળુભાઇ પરમારે હળવદ પોલીસ મથકમાં આરોપી ઉમેશભાઈ બચુભાઇ રાઠોડ રહે.સરા રોડ હળવદ, પ્રકાશભાઈ રાઠોડ જીતુભાઇ જગાભાઈ રાઠોડ બંને રહે.કૃષિ શાળા રોડ બસ સ્ટેન્ડ પાછળ હળવદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈકાલ તા.૧૫ ના રોજ ફરિયાદી વિજયભાઈ પોતાના ઘરે જમવા આવ્યા ત્યારે ત્રણેય આરોપીઓ કે જેઓ ફરિયાદી વિજયભાઇ કૌટુંબીક ભાઈઓ સાથે અગાઉ ઝઘડો થયો હોય તેનો ખાર રાખી ત્રણેય આરોપીઓ હાથમાં તલવાર, ધોકા જેવા હથિયારો ધારણ કરી આવીને ફરિયાદી અને તેમના બહેન ઉપર હુમલો કર્યો હતો, અને ફરિયાદીના ઘર પાસે પડેલ ત્રણ મોટર સાયકલમાં પણ તોડફોડ કરી નુકસાની કરી હતી. હુમલામાં ઘાયલ બન્ને ભાઈ-બહેનને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. હાલ હળવદ પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

વાલીઓએ શાળાની માન્યતા ચકાસ્યા વગર પ્રવેશ ન લેવા મોરબી જીલ્લા શિક્ષણાધિકારીનો અનુરોધ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી સરકાર દ્વારા વિદ્યાર્થીઓના માધ્યમિક અભ્યાસ માટે વિવિધ સરકારી શાળાઓ અને ગ્રાન્ટેડ શાળાઓ વર્ષોથી ઉપલબ્ધ છે. વાલીએ જયારે પણ ખાનગી શાળામાં પ્રવેશ લે ત્યારે એ માન્યતા પ્રાપ્ત છે કે નહિ તેની ચકાસણી કરી પછી જ વિદ્યાર્થીઓને એડમીશન અપાવે એવી જીલ્લા શિક્ષણાધિકારી કમલેશ એમ. મોતા દ્વારા વાલીઓને અપીલ કરાઈ છે. કેટલાક વાલીઓ દ્વારા ક્રિષ્ના સ્કુલ મહેન્દ્રનગરની ફરિયાદ આવી છે. એ સંદર્ભે જણાવવાનું કે એ સ્કુલની હાઇસ્કુલની માન્યતા નથી માટે કોઈએ એડમીશન લેવું નહિ જેની સર્વે વાલીઓએ નોંધ લેવી. તેમ કે.એમ.મોતા જીલ્લા શિક્ષણાધિકારી કચેરી મોરબી દ્વારા જણાવાયુ છે.

વાંકાનેર બાઉન્ડ્રી નજીક બસ ડ્રાઈવર પર જીવલેણ હુમલો, ચાર સામે ફરિયાદ નોંધાઈ

મુખ્ય સમાચાર, મોરબી

વાંકાનેર બાઉન્ડ્રી નજીક સ્વીફ્ટ કારમાં આવેલ ચાર શખ્સોએ ટ્રાવેલ્સ બસ આંતરી બસના ચાલકને પૂર્વ નોકરીનો ખાર રાખી બેફામ માર મારવાની ઘટના અંગે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા, પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટના કોઠારીયા રોડ ખોડલધામ સોસાયટી ખાતે રહેતા હરેશભાઇ જગુભાઇ ડાભી ઉવ.૪૦ એ આરોપી લખાભાઈ રહે. રંગપર તા.વાંકાનેર તથા અજાણ્યા ત્રણ આરોપીઓ સહિત ચાર વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી અગાઉ આરોપી લાખાભાઈની માતૃકૃપા ટ્રાવેલ્સની ઓફિસ હેઠળ ચાલતી ટ્રાવેલ્સ બસમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા.

બાદમાં નોકરી છોડીને અન્ય જગ્યાએ બસ ચલાવવા લાગ્યા હતા, જે બાબતનો ખાર રાખીને ગત તા.૦૭/૧૨ ના રોજ ફરીયાદી અને તેમના શેઠ પેસેન્જર બસ લઈને અમદાવાદથી રાજકોટ જઈ રહ્યા હતા. દરમિયાન વાંકાનેર બાઉન્ડ્રી ટોલનાકા પાસે પહોંચતા આરોપી લાખાભાઈ તથા ત્રણ અજાણ્યા ઈસમો સ્વીફ્ટ ફોર-વ્હીલર ગાડીમાં આવી બસની આગળ આડી ગાડી ઉભી રાખી દીધી હતી.

ત્યારબાદ આરોપીઓએ ફરીયાદી હરેશભાઈને બસમાંથી ખેંચી નીચે ઉતારી લોખંડના પાઈપ, લાકડાના ધોકા તથા ઢીકા પાટુ વડે બેફામ માર મારી ફરિયાદીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હાલ વાંકાનેર તાલુકા પોલીસે ચારેય આરોપીઓનો અટક કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

આપઘાત કરવા ઘરેથી નીકળેલી મહિલાને પરિવાર સાથે મિલન કરાવતી મોરબી અભયમ ટીમ

મહિલાઓની મદદ માટે સતત રાત દિવસ કાર્યરત રહેતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન સેવા ખરેખર બહેનો માટે આશીર્વાદરૂપ રહી છે

મુખ્ય સમાચાર, રાજકોટ

તારીખ-૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મહિલા નાં પરિવાર દ્વારા ૧૮૧ માં કોલ કરવામાં આવેલ કે અમારી દિકરી ઘરેથી કહ્યાં વગર નીકળી ગયેલ હોય અને આપઘાત કરવા જાય છે અમારી દિકરીને રસ્તામાં અમે પકડીને રાખી છે અમારી દિકરી કોઈનું કાઈ પણ માનતી નથી અને રસ્તામાં આમતેમ દોડાદોડી કરે છે અને મોટા - મોટા અવાજે બોલ બોલ કરે છે અને આપઘાત કરવા જાય છે માટે દિકરીની મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ની જરૂર છે.

જેના પગલે ફરજ પરના ૧૮૧ કાઉન્સેલર જાગૃતિ ભુવા મહિલા કોન્સ્ટેબલ શારદાબેન તેમજ પાયલોટ મહેશભાઈ પરમાર ઘટના સ્થળે મહિલા ની મદદ માટે પહોંચ્યા હતા મહિલાને તેમના પરિવારના સભ્યોએ સુરક્ષિત રીતે પકડી ને રાખેલા હતાં સૌપ્રથમ મહિલા ને સાંત્વના આપવામાં આવેલ તેમજ ૧૮૧ ટીમ દ્વારા મહિલા સાથે વાતચીત કરી અને પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો.

મહિલાનું ખુબ જ સંવેદનશીલતા પૂર્વક કાઉન્સિલીગ કર્યુ કાઉન્સિલીગ દરમિયાન મહિલા એ પોતાની મનોવ્યથા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મહિલા તેમના બહેન, ભાઈ, અને માતા પિતા સહિતના પરિવાર સાથે રહે છે તેમના માતા પિતા મજુરી કામ કરીને ઘરનું ગુજરાન ચલાવે છે મહિલાના માતા પિતા મજુરી કામે ગયેલા હોય અને બંને બહેનો ઘરે એકલા હોય બંને બહેનો વચ્ચે ઘરકામ બાબતે ઝઘડો થયેલ હોવાથી મહિલાને લાગી આવતા ઘરેથી નીકળી ગયાં હતાં વધુમાં મહિલા એ જણાવ્યું હતું કે ઘરમાં બધા જ સભ્યો મારી સાથે અયોગ્ય વર્તન કરે છે અને નાની નાની વાતે માનસિક રીતે ત્રાસ આપે છે અને અપશબ્દો બોલે છે વધુમાં જણાવ્યું કે મારી નાની બહેનને ઘરના બધી વસ્તુઓ લઈ આપે છે અને મને વસ્તુઓ લઈ આપતા નથી મને મોબાઈલ પણ વાપરવા આપતા નથી અને ઘરના બધા સભ્યો મને ગાંડી ગાંડી કહે છે માટે આવા અનેક પ્રકારના પ્રશ્નો થીં કંટાળીને હું કોઈને પણ જાણ કર્યા વગર ઘરેથી આપઘાત કરવા નીકળી ગયી છું મહિલા વારંવાર એક જ શબ્દ બોલતા હોય મારે મરી જવું,મારે મરી જવું મને મરવા દો મને મરવા દો.

ઘટનાને ગંભીરતાને ધ્યાનમાં રાખીને ૧૮૧ ટીમે તેમના પરિવારનું કાઉન્સેલીગ કર્યુ પરિવાર સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું કે મહિલાને છેલ્લા પાંચ વર્ષથી માનસિક બીમારી હોય અને તેમની દવા પણ ચાલુ હોય છેલ્લા ત્રણ મહિનાથી મહિલા દવા પીતાં ન હોય તેથી બંને બહેનો વચ્ચે નાની વાતે ઝઘડો થયો હતો નાની બહેને ઉંચા અવાજે મહિલા સાથે વાતચીત કરતા મહિલા ને લાગી આવતા પરિવાર ની જાણ બહાર ઘરેથી કોઈને પણ જાણ કર્યા વગર નીકળી ગયેલ.

ત્યારબાદ મહિલાનાં ઘરે ગયેલ અને મહિલા ની હોસ્પિટલ ની ફાઈલો છેક કરેલ અને તેમના પરિવાર ને મહિલા સાથે અયોગ્ય વર્તન ન કરવાં તેમજ મહિલા ને સમયસર સારવાર કરાવવા તેમજ મહિલા ને સમયસર દવા આપવા બાબતે લાંબી સમજાવટ આપવામાં આવી.તેમજ સલાહ સુચન અને માર્ગદર્શન આપેલ પોલીસ સ્ટેશન વિશે કાયદાકીય માહિતી આપવામાં આવેલ.

આમ મહિલા ને તેમના પરિવાર જનોને સહી સલામત તેમના ઘરે સોંપવામાં આવેલ હોય.તેમના પરિવાર જનોને ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

રાજકોટ તાલુકાની ખીજડીયા પ્રા. શાળામાં ગીર ફાઉન્ડેશન આયોજીત ‘BEAT PLASTIC POLLUTION’ કાર્યક્રમ યોજાયો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ તાલુકાની ખીજડીયા પ્રા શાળામાં ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય પ્રેરિત મિશન લાઈફ, EEP 2025.26 અને ગીર ફાઉન્ડેશન અંતર્ગત ‘BEAT PLASTIC POLLUTION’ વિષય પર કાર્યક્રમ યોજાયો. જેમા વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર ગામમાંથી પ્લાસ્ટિક બોટલ ૭૮૦૦ નંગ અને વેસ્ટ પ્લાસ્ટિક એકત્ર કરી પ્લાટિકન વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુઓ બનાવેલ તેમજ પ્લાસ્ટિક મુક્ત વિષયો પર ચિત્રો દોરેલ તમામ વિદ્યાર્થીને GEER ફાઉન્ડેશન દ્વારા સર્ટીફિકેટ અને સ્ટેશનરી ભેટ આપવામાં આવેલ.

વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટિક રિસાયક્લિંગ અને સિંગલ યુઝ પ્લાસ્ટિક બંધ કરી કાપડની થેલી વાપરવા અંગે જાગૃતતા લાવવા સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાટકો અને ગીતો રજુ કરેલ.

કાર્યક્રમ પધારેલ ભાવેશ ત્રિવેદી આસિસ્ટન્ટ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર, ગીર ફાઉન્ડેશન અને હિતેશ દવે પ્રકૃતિપ્રેમી, ગોંડલ દ્વારા ઉપસ્થિત વાલીઓ અને વિદ્યાર્થીઓને સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ ન કરવા અને પ્લાસ્ટિક પ્રદુષણ વિશે જાગૃતતા વિષય પર માર્ગદર્શક વક્તવ્ય આપેલ આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય રામદેવસિંહ જાડેજા અને સમગ્ર ખીજડીયા સ્ટાફ પરિવાર દ્વારા કરવામાં આવેલ.

નવા થોરાળાના રામનગરમાં સાળા-બનેવી સહિત ૪ પર આઠનો હુમલો

દંપતીના ઝઘડામાં સમજાવવા વચ્ચે પડયાનો ખાર રાખી હુમલો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના મોરબી રોડ પર વિસ્તારમાં રહેતા યુવક તેના મોટાભાઈના સસરાના ઘરે ગયા હોય ત્યારે પાડોશમાં દંપતિ ઝઘડો કરતા હોવાથી ભાઈના સાળા વચ્ચે પડયાનો ખાર રાખી સાળા-બનેવી સહિત ચાર પર હિચકારો હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

આ અંગેની માહિતી મુજબ સેટેલાઈટ ચોકમાં આવેલ શકિત પાર્ક શેરી નં ૧૩માં રહેતા શનીભાઈ ઉર્ફે લાલો અશોકભાઈ મકવાણાએ થોરાળા પોલીસમાં ભાઈના સસરાના પાડોશમાં રહેતો શખસ, અવેશ ઉર્ફે અવલો ઓડીયા, અનીશ ઓડીયા, સબીર ઉર્ફે બોદુ ઓડીયા, વિપુલ ઉર્ફે રાજા પરમાર સહિતના સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૧૪ના મોટાભાઈ રવિના સસરાને ત્યાં લગ્ન પ્રસંગ આવતો હોય જેથી અમો પરિવાર સાથે ગયેલ હતા.

દરમ્યાન હું પાછળથી જતા ભાઈ તથા તેના સાળા સાથે બે શખસો બોલાચાલી કરતા હોવાથી પૂછતા ભાઈએ કહ્યું કે અમે બધા બહાર ઉભેલ હતા ત્યારે પાડોશી તેની પત્ની સાથે રકઝક કરતો હોય જેથી સાળા અજયે ના પાડતા ઉશ્કેરાઈ જઈ ગાળો ભાંડી ઝપાઝપી કરી મારકૂટ કરી જતા રહ્યા હતા.

બાદ ફરી આવી ભાઈ અને તેના સસરા, સાળા સાથે માથાકૂટ કરતા હોય જેથી હું વચ્ચે પડતા મને પણ મારકૂટ કરી છરીનો ઘા ઝીંકી દીધો તેમજ મારી માતાને પણ છુટો ઈંટનો ઘા માર્યો હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગોંડલના મોવિયાની સીમમાં ગાંજાનું વાવેતર ઝડપાયું

રૂ.૧,૪૧,૩૫૦નો ગાંજાના જથ્થા સાથે શ્રમિક દબોચાયો

મુખ્ય સમાચાર, ગોંડલ

રૂરલ એસઓજી શાખાના પીઆઇ એફ એ પારગી, પીએસઆઈ પી બી મિશ્રાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો ગોંડલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન એએસઆઇ વિપુલભાઈ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ અને કોન્સ્ટેબલ હિંમતસિંહ પાલને મળેલી સંયુક્ત બાતમીના આધારે છીતુભાઇ ઉર્ફે દિતુ માવીએ મોવિયા ગામની સીમમાં જયંતીભાઈ હિરપરાની મોટા માર્ગ વાળી ભાગીયે વાવવા માટે રાખેલ વાડીમાં ગાંજાના લીલાછોડનું વાવેતર કર્યાની બાતમી મળતા રૂરલ એસોજીની ટીમે દરોડો પાડી ખેતરમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ લીલા ગાંજાના છોડ જેનું વજન કુલ ૨.૮૨૭કિલોગ્રામ જેની કિંમત રૂ.૧,૪૧,૩૫૦ કબ્જે કરી વાવેતર કરનાર ખેત શ્રમિક છીતુભાઇ ઉર્ફે દીતું માંગલિયાભાઈ માવી (ઉવ ૨૫ રહે હાલ. મોવિયા ગામની સીમ, વાડીમાં, ગોંડલ, મૂળ રહે અલીરાજપુર, એમપી)ની ધરપકડ કરી કુલ રૂ. ૧.૪૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

હળવદમાં કેન્સરની બીમારીથી કંટાળી યુવકે ગળેફાંસો ખાઈ મોત વ્હાલું કર્યું

હળવદમાં કેન્સરની લાંબી બીમારીથી ત્રસ્ત યુવકે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બનાવ અંગે હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી છે. હળવદ શહેરમાં મામના ચોરે રહેતા ભાવિકભાઈ નવીનચંદ્ર ચૌહાણઉવ.૩૪એ કેન્સરની ગંભીર બીમારીથી કંટાળી પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૃત્યુના બનાવની પોલીસને જાણ ઇરતા, પોલીસ ઘટના સ્થળે પહોંચી, મૃતદેહને સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હાલ પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

ફઈએ જમીનમાં હક માગતાં ભત્રીજાઓએ આપી જાનથી મારી નાખવાની ધમકી

શક્તિનગર સોસાયટીમાં ઘરે આવી આંતક મચાવ્યો, સ્કૂટરમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું

મુખ્ય સમાચાર, રાજકોટ

શક્તિનગર સોસાયટીમાં ૬૦ વર્ષી ય વૃદ્ધાએ પિયરની પૈતૃક જમીનમાં પોતાના ભાગની માંગણી કરતા કૌટુંબિક વિવાદ સર્જાયો છે. વૃદ્ધાએ ધોરાજી મામલતદાર કચેરીમાં વાંધા અરજી આપતા ઉશ્કેરાયેલા તેમના સગા ભત્રીજાઓએ રાજકોટ આવીને લોખંડના એંગલ અને લાકડીઓ સાથે જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે ની માહિતી મુજબ ગોંડલ રોડ પર, પરીન ફર્નિચર પાછળ આવેલી શક્તિનગર સોસાયટીમાં રહેતા ધ્રુપતબા મહાવીરસિહ ઝાલા (ઉ.વ. ૬૦) એ રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ભત્રીજા દેવેન્દ્રસિંહ અશોકસિહ જાડેજા, અનિરુદ્ધસિહ રસિકસિહ જાડેજા, તેમજ શક્તિસિહ ઘનશ્યામસિંહ જાડેજા સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેમનું પિયર ધોરાજી તાલુકાના વાડોદર ગામે આવેલું છે. તેમના પિતાની કુલ ૩૧ વીઘા જમીન વાડોદર ગામે આવેલી છે. ધ્રુપતબા કુલ ૯ ભાઈ-બહેનો છે. જેમાંથી અન્ય બે બહેનોએ જમીનમાંથી હક જતો કરેલ છે, પરંતુ ધ્રુપતબાનું નામ વારસાઈમાં ચાલુ છે.ધ્રુપતબાના ભાઈઓ પૈકી પૃથ્વીરાજસિહ, રસિકસિહ, ઘનશ્યામસિહ, દિલીપસિહ અને અશોકસિહનું અવસાન થયેલ હોવાથી તેમના વારસદારોના નામ રેકોર્ડ પર છે. અન્ય ભાઈઓના ભાગમાંથી આવતી જમીન ધ્રુપતબાને આપવા માટે તેઓ સહમત છે. પરંતુ મરણજનાર ભાઈ રસિકસિહ અને અશોકસિહના નામે જે જમીન છે, તેમાં ધ્રુપતબાનો ભાગ નીકળતો હોવા છતાં, અશોકસિહના દીકરા દેવેન્દ્રસિહ અને રસિકસિહના દીકરા અનિરુદ્ધસિહ તેમને ભાગ આપવાની ના પાડી રહ્યા છે. આ બાબતે ધ્રુપતબાએ ધોરાજી મામલતદાર કચેરીમાં વાંધા અરજી કરી હતી.

જે વાતનું મનદુખ રાખીને ગત તારીખ ૦૯/૧૨/૨૦૨૫ ના રાત્રે ૧૦ વાગ્યા આસપાસ ધ્રુપતબા, તેમના દીકરા રણજીતસિહ અને પુત્રવધૂ ઘરમાં હાજર હતા ત્યારે ભત્રીજાઓ ફોર વ્હીલ ગાડી લઈને ધસી આવ્યા હતા.

આરોપીઓ હાથમાં લોખંડના એંગલ અને લાકડીઓ સાથે આવ્યા હોવાથી ડરના માર્યા ધ્રુપતબાના પરિવારે મકાનનો દરવાજો બંધ કરી દીધો હતો અને ઉપરના માળે ચાલ્યા ગયા હતા. નીચે ઉભેલા ભત્રીજાઓએ ગાળો આપી બૂમો પાડી હતી કે, ''બહાર નીકળો, તમારે જમીનમાં ભાગ જોઈએ છે ને? જો જમીનમાં પગ મુક્યો તો ટાંટિયા ભાંગી નાખીશું અને તો જાનથી મારી નાખવા છે.'' આમ કહીને અત્યંત ઉશ્કેરાટમાં આવી જઈ ભયનો માહોલ ઉભો કર્યો હતો.

ઘરનો દરવાજો બંધ હોવાથી આરોપીઓએ ઘરની બહાર કમ્પાઉન્ડમાં પાર્ક કરેલા ધ્રુપતબાના એક્સેસ મોટરસાયકલ પર ગુસ્સો ઉતાર્યો હતો. દેવેન્દ્રસિહે હાથમાં રહેલ લોખંડનું એંગલ મારીને સ્કૂટરમાં આશરે રૂ. ૫૦૦૦નું નુકસાન કર્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં જન ઔષધી કેન્દ્ર બંધ કરાતા દર્દીઓને હાલાકી

૨૦ કરોડના દવા કૌભાંડની તપાસ બાદ આરોગ્ય વિભાગની મેડિકલ સ્ટોર સામે કાર્યવાહી

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં સિવિલ હોસ્પિટલમાં કાર્યરત જન ઔષધી કેન્દનો કોન્ટ્રાક્ટ રદ કરી તાળા મારી દેતા કટકીબાજ મેડીકલ સ્ટોરના કારણે ગરીબ દર્દીઓની સુવિધા છીનવાઈ ગઈ છે અને ગરીબ દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સિવિલ હોસ્પિટલમાં દવા ખરીદી કૌભાંડમાં આરોગ્ય વિભાગે તપાસ કરતા હોસ્પિટલમાં દવા ખરીદીમાં ગેરરીતિ થઈ હોવાનું સામે આવ્યા અબળ કૌભાડ મામલે સ્ટોર ઈન્ચાર્જ અને તબીબની બદલી કરવામાં આવી હતી. રાજ્યના આરોગ્ય કમિશનર ડો. હર્ષદ પટેલે રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન રૂ. ૨૦ કરોડની દેવા બારોબારથી ખરીદવામાં આવી હોવાનો મુદ્દો આ બેઠકમાં ચર્ચાનો વિષય બન્યો હતો. આ અંગે તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી અને દવા ખરીદીમાં નિયમોનું પાલન થયું છે કે નિયમોનો ભંગ થયો છે તેની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત, દવાઓ વધુ કિંમતે તો નથી ખરીદવામાં આવી તે ચકાસવા માટે ઓડિટ પણ કરવામાં આવ્યું હતું. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દવા ખરીદી કૌભાંડમાં આરોગ્ય વિભાગ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. હોસ્પિટલમાં દવાનો કાળો કરનાર જન ઔષધી કેન્દ્ર સામે આરોગ્ય તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. અને જન ઔષધી કેન્દ્રનો કોન્ટ્રાક્ટ રદ કરી દેવામાં આવ્યો છે. સિવિલ હોસ્પિટલમાં દવા ખરીદીમાં ગેરરીતિ આચરનાર એક તબીબની બદલી કરવામાં આવી હતી. અને તપાસમાં જન ઔષધી કેન્દ્ર પણ શંકાના દાયર-ામાં હતું. સિવિલ હોસ્પિટલમાં ૨૦ કરોડ રૂપિયાના દવા ખરીદીના કૌભાંડની તપાસમાં હોસ્પિટલના સ્ટાફની સંડોવણી હોવાનું ખૂલ્યું હતું. સ્ટોર ઈન્ચાર્જ જે.કે.નથવાણી દવા ખરીદી કૌભાંડમાં મોટાપાયે સંડોવણી હોવાનું સામે આવતા બદલી કરવામાં આવી. સ્ટોર ઈન્ચાર્જ જે. કે. નથવાણીની દ્વારકા ખાતે બદલી કરવામાં આવી હતી. આરોગ્ય કમિશ્નર જયારે રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી ત્યારે દવા ખરીદીનું કૌભાંડ સામે આવ્યું હતું. બાદમાં ડો.જે.કે. નથવાણી સહિતના જવાબદારોને બિલો ની ફાઇલ લઈ ગાંધીનગર બોલાવી તપાસ કરી હતી. તપાસમાં ગોટાળા નિકળતા બદલી કરવામાં આવી. અધિકારીઓ સાથે મળીને દવાનો કાળો કારોબારમાં સિવિલ હોસ્પિટલના જન ઔષધી કેન્દ્રના

સંચાલકનું નામ પણ સામે આવ્યું હતું. સરકારી દેવાનું વેચાણ ઉપરાંત અન્ય કોઈ મેડીકલના સાધનો વેચવાની જન ઔષધી કેન્દ્રને મંજુરી નહીં હોય છતાં કેટલાક મેડીકલના સાધનો તેમજ સ્ક્રુ અને હાથ કે પગમાં ફેકચર માટે ઉપયોગમાં લેવાતી પ્લેટ બજાર ભાવ કરતા ૨૦ થી ૩૦ ટકા નફો ચડાવી જન ઔષધી કેન્દ્રના સંચાલકો દ્વારા વેચાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યા બાદ આરોગ્ય વિભાગ દ્વારા બીજો હુકમ ન થાય ત્યાં સુધી આ જન ઔષધી કેન્દ્રને બંધ કરી દેવા હુકમ કરવામાં આવ્યો છે.

પડધરીના ખોડાપીપળ ગામે મુન્નાભાઇ એમબીબીએસની ધરપકડ

ગ્રામ્ય એસઓજીની ટીમે ડીગ્રી વગર દર્દીઓના આરોગ્ય સાથે ચેડા કરતા નકલી તબીબને દબોચી લઇ રૂ.૫૫૧૮૭નો મુદ્દામાલ કબ્જે કર્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ જીલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં નકલી ડોકટરનો રાફડો ફાટયો હોય તેમ વધુ એક નકલી તબીબ પડધરીના ખોડાપીપર ગામથી ઝડપાયો છે. એસઓજીની ટીમે રૂ.૫૫૧૮૭નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એસઓજીના પીઆઇ એફ.એ.પાર્ગીની સુચનાથી પીએસઆઇ પી.બી.મીશ્રા, હેડ કોન્સ. નૈમીશભાઇ, અનીરૂધ્ધસિંહ, કોન્સ. વિપુલભાઇ સહિતનો સ્ટાફ પડધરીના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, ખોડાપીપર ગામે પ્રાથમિક શાળા નજીક એક નકલી તબીબ કલીનીક ખોલી દર્દીઓને દવા અને ઈન્જેકશન આપી તેના આરોગ્ય સાથે ચેડા કરતો હોવાની હકિકતના આધારે એસઓજીની ટીમે ઉપરોકત સ્થળે દરોડો પાડી ડીગ્રી વગર તબીબની પ્રેકટીશ કરતો ભૌમીકસિંહ રાજેન્દ્રસિંહ સોલંકી કારડીયા રજપૂત નામના મુન્નાભાઇ એમબીબીએસને દબોચી લઇ જુદા જુદા પ્રકારની એલોપેથીક દવાઓ મળી કુલ રૂ.૫૫૧૮૭નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કુવાડવામાં યુવકે આર્થિક ભીંસથી કંટાળી વખ ઘોળ્યું

રાજકોટમાં જુદા જુદા ચાર સ્થળે ચાર લોકોએ જવલનશીલ પ્રવાહી પી લેતા સારવારમાં ખસેડાયા

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરની ભાગોળે કૂવાડવામાં રહેતાં યુવાને આર્થિક ભીંસથી કંટાળી ઝેરી દવા પી લીધી હતી. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટના કુવાડવા ગામે રહેતાં ક્રિસ ભરતભાઈ નામનો ૨૨ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે સવારના અગિયારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતાં સારવ-ાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં ક્રિસ એક ભાઈ એક બહેનમાં વચેટ છે અને પ્રાઈવેટ નોકરી કરે છે. જ્યારે તેના પિતા સિક્યોરિટીમાં નોકરી કરે છે અને માતા કેન્સરની બિમારીમાં સપડાયા છે. ક્રિસે આર્થિક ભીંસથી કંટાળી ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત જુદા જુદા ચાર સ્થળે ચાર લોકોએ જવલનશીલ પ્રવાહી પી લીધું હોવાની ઘટના સામે આવી છે. જેમાં માધવ પાર્કમાં રહેતાં મિત કિરીટભાઈ (ઉ.૨૩)એ આકાશવાણી ચોકમાં ફિનાઈલ, ભગીરથ સોસાયટીમાં વિનીત હિતેશભાઈ બોસમીયા (ઉ.૨૬) એ લિકવીડ અને બિમારીની વધુ પડતી ગોળીઓ, કીટીપરા ગાયકવાડીમાં દિપક ચમેનભાઈ વઢવાણીયા (ઉ.૪૦)એ ઝેરી દવા અને રઘુવીર સોસાયટીમાં અભિષેક કિરીટભાઈ પિત્રોડા (ઉ.૨૭)એ ફિનાઈલ પી લીધું હતું. જવલનશીલ પ્રવાહી પી લેનાર ચારેય લોકોને સારવાર માટે સિવિલ હોસિપટલ ખાતે દાખલ કરાયા હતાં. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રજપૂતપરામાં જાહેરમાં જુગાર રમતા ૧૦ પત્તાપ્રેમીઓની ધરપકડ

રામનાથપરાના પુલ પાસે ચોરાઉ મુદ્દામાલ સાથે બે મહિલા ઝડપાઇ

મુખ્ય સમાચાર, રાજકોટ

કોર્પોરેશન ચોક પાસે આવેલા રજપૂતપરામાં જાહેરમાં જુગાર રમતા ૧૦ જુગારીઓ અને રામનાથપરામાં પુલ પાસે ચોરાઉ મુદ્દામાલ સાથે બે મહિલાઓની એ-ડિવિઝન પોલીસે ધરપક કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રથમ બનાવમાં એ-ડિવિઝન પોલીસ મથકના પીઆઇ બી.વી.બોરીસાગરની સુચનાથી એએસઆઇ બી.વી.ગોહિલ, એમ.એસ.મકવાણા, હેડ કોન્સ. કલ્પેશભાઈ, કનુભાઇ, મહેશભાઇ ચાવડા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, કોર્પોરેશન ચોક પાસે આવેલ રજપૂતપરામાં કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમતા હોય પોલીસે ઉપરોકત સ્થળે દોડી જઇ જુગાર રમતો રામદાન લીપડુ ચૌધરી, જીતેન્દ્ર સંતોષ ચૌધરી, કૈલાશ સાધુરામ ચૌધરી, અરૂણ વિધારામ ચૌધરી, ફરહાતઅલી છેદીભાઇ દરજી, પ્રેમનાથ રામધીરજ સાધુ, કરામતીઅલી મજનુઅલી દરજી, જયેશ મનુ ડાભી, કનૈયા સાધુરામ ચૌહાણ, રાધેશ્યામ હનુમાનપ્રસાદ વર્મા સહિત ૧૦ શખ્સોની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૪૦૯૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે બીજા દરોડામાં હેડ કોન્સ. મહેશભાઇ ચાવડા તથા કલ્પેશભાઇ અને કરણભાઇ સહિતનો સ્ટાફ રામનાથપરા વિસ્તારમાં ભાણજીદાદાના પુલ પાસે રોડ પર બે મહિલા પ્લાસ્ટીકની થેલીમાં શંકાસ્પદ મુદ્દામાલ વેંચવા નિકળતા પોલીસે લક્ષ્મી વિજય સોલંકી (રહે.ચુનારાવાડ ચોક, મચ્છીપીઠની બાજુમાં) અને સોનલ રાયધન સોલંકી નામની બે મહિલાની અટકાયત કરી તાંબા-પીતળની ધાતુના વાસણો સહિત રૂ.૧૩૦૦૦નો ચોરાઉ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

શહેરમાં 31st ડિસેમ્બરની પાર્ટીઓ બાબતે પોલીસ એકશન મોડમાંઃ મંજૂરી માટે ૪ અરજીઓ આવી

મંજૂરી આપવા જે તે વિસ્તારના પોલીસ મથકના પીઆઈ સ્થળ વિઝીટ કરશેઃ નશામાં ધૂત થઈ નીકળતા ચાલકો સામે પોલીસ કરશે લાલ આંખ

મુખ્ય સમાચાર, રાજકોટ

વર્ષ ૨૦૨૫ની સાલ પૂર્ણ થવાને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. ત્યારે આગામી ૩૧ ડિસેમ્બરની પાર્ટીઓનું આયોજન વિવિધ સ્થળોએ થતું હોય છે. અને રાજકોટવાસીઓ ઉજવણી કરી નવા વર્ષને આવકારતા હોય છે. ઈવેન્ટનું આયોજન કરતા પહેલા પોલીસની મંજૂરી લેવી ફરજીયાત છે. અને જો કોઈ આયોજક મંજૂરી વિના પાર્ટીનું આયોજન કર્યુ હશે તો પોલીસ રંગમાં ભંગ પાડી પાર્ટી બંધ કરાવશે તેમજ જે તે આયોજક સામે પણ ગુનો નોંધી કાર્યવાહી કરશે.હાલ અત્યાર સુધીમાં લાયસન્સ શાખામાં 31stની પાર્ટીને લઈ ૪ અરજીઓ આવી છે.

આ અંગે પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રાજકોટવાસીઓ દરેક તહેવારની ધામધૂમથી ઉજવણી કરતા હોય છે. ત્યારે આગામી ૩૧ ડિસેમ્બરની પાર્ટીઓનું શહેરની વિવિધ હોટેલ, પાર્ટી પ્લોટ, રીશોર્ટ સહિતની જગ્યાએ આયોજન થવાનું હોય જેને લઈ શહેર

પોલીસ દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. જેમાં જે તે આયોજકને પાર્ટીનું આયોજન કર્યા પહેલા પોલીસ પાસેથી મંજૂરી લેવી પડશે કયાં સ્થળે આયોજન કરવામાં આવી રહ્યું છે. તે સહિતની માહિતી આપવાની રહેશે ત્યારબાદ જે તે વિસ્તારના પોલીસ મથકના પીઆઈ દ્વારા સ્થળની મુલાકાત લઈ તેના અભિપ્રાય બાદ લાયસન્સ શાખાઓ દ્વારા પાર્ટીઓને મંજુરી આપવામાં આવશે. અને જો મંજૂરી લીધા

વગર પાર્ટીઓનું આયોજન કર્યુ તેવું ધ્યાને આવશે તો પોલીસ પાર્ટીના રંગમાં ભંગ પાડી સમગ્ર આયોજન બંધ કરાવશે તેમજ તેના આયોજન સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

ઈન્ડિયન બેંકના સ્ટ્રોંગ રૂમમાંથી ૧.૨૫ કરોડના સોનાની તસ્કરી

આઠ માસ પહેલાની ઘટનામાં પોલીસે અરજી નોંધી બેંક કર્મીઓના જ નિવેદનો નોંધ્યાઃ દાગીનાના મુળ માલીક લોનધારકને પોલીસે સાંભળ્યા નહીં હોવાનો આક્ષેપ

મુખ્ય સમાચાર, રાજકોટ

ગોલ્ડ લોનમાં નકલી સોનું ધાબડવા, સાઈબર છેતરપીંડી જેવા અનેક પ્રકારના કૌભાંડ વચ્ચે રાજકોટની બેંકના સ્ટ્રોંગરૂમમાંથી સવા કરોડથી વધુ કિંમતનું એક કિલોથી વધુ સોનું ચોરી થતા ખળભળાટ સર્જાયો છે. આઠ મહિના પૂર્વેનાં આ બનાવમાં પોલીસે હજુ એફઆઈઆર દાખલ કરી નથી અને માત્ર અરજીનાં આધારે જ તપાસ કરવામાં આવી રહી છે. બેંક કર્મચારીઓના લાઈ ડીટેકટર-નાર્કો ટેસ્ટ કરીને રહસ્ય ઉકેલવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

શહેરનાં ગોંડલ રોડ-ભકિતનગર સ્ટેશન પ્લોટમાં આવેલી ઈન્ડીયન બેંકમાં સવા કરોડથી વધુની કિંમતનાં (વર્તમાન કિંમત) સોનાની ચોરીનો આ બનાવ બન્યો છે. જેમાં ગોલ્ડ લોન લેનાર બે લોન ધારકોનાં એક કિલોથી વધુ વજનના સોનાના દાગીનાની ચોરી થઈ છે. આ બનાવ અંગે બેંકના બ્રાંચ મેનેજર ગૌરીશંકર સામતરાયે પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી ગત ૨૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ ફરીયાદ અરજીમાં એમ જણાવ્યું હતું કે ૧૮-૧-૨૦૨૫ થી ૧૭-૩-૨૦૨૫ દરમ્યાન સોનાના બે પાર્સલની ચોરી થઈ હતી. ૧૮-૧-૨૦૨૫ ના રોજ બેંકમાં ઈન્સ્પેકશન થયુ હતું અને કેશ-ગોલ્ડ તથા દસ્તાવેજો યોગ્ય માલુમ પડયા હતા. ૧૭-૩-૨૦૨૫ ના રોજ મુંબઈ હેડ ઓફીસથી ઈન્સ્પેકશન આવ્યુ હતું. તેમાં સોનાના બે પાર્સલ ઓછા હોવાનું જણાયુ હતું. બેંકના સ્ટ્રોંગરૂમની તિજોરીમાં કુલ ૪૭ માંથી બે પાર્સલ ઓછા હોવાનું જણાયુ હતું તે વિશે તપાસ કરતા મળ્યા ન હતા. આ સોનાના પાર્સલ ગોલ્ડ લોન પેટે સોનું જમા કરાવનારા શ્યામ શાહ તથા સંગીતાબેન શાહના હતા તેઓએ ૨૭-૯-૨૦૨૪ ના રોજ સોના સામે લોન લીધી હતી. બન્ને પાર્સલમાં સોનાનું નેટ વજન ૧૦૦૫.૧૦ ગ્રામ હતું અને ૬૪,૨૯,૬૦૦ ની કિંમત આંકવામાં આવી હતી. (જોકે વર્તમાન ભાવે કિંમત સવા કરોડથી વધુની ગણાય) બેંકનાં હરીશભાઈ ઝીંઝુવાડીયાએ દાગીના ચેક કર્યા હતા અને પછી તે લોન આપી હતી.દાગીનાના પાર્સલ બેંકના સ્ટ્રોંગરૂમની સેફ ડીપોઝીટ તિજોરીમાં રાખવામાં આવ્યા હતા.

જાન્યુઆરીથી માર્ચના બે મહિના દરમ્યાન સોનાની ચોરી વિશે પોલીસમાં ફરીયાદ કરવામાં આવી હતી. પોલીસે જોકે, એફઆઈઆરને બદલે અરજી જ લઈને તપાસ હાથ ધરી હતી. પોલીસના સુત્રોએ કહ્યું કે સોનાની ચોરીની ફરીયાદને પગલે બેંક કર્મચારીઓનાં નિવેદન લેવામાં આવ્યા હતા. પરંતુ કોઈ કડી મળી ન હતી. હવે લાઈ ડીટેકટર-નાર્કો ટેસ્ટ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. અદાલતની મંજુરી મળી જતાં હવે આ પ્રક્રિયા કરાશે.

સરકારી બેંકનાં સ્ટ્રોંગરૂમમાંથી લોન ધારકનાં સોનાના પાર્સલની ચોરીથી બેન્કીંગ ક્ષેત્રમાં ખળભળાટ સર્જાયો છે. ગોલ્ડ લોનમાં નકલી સોનું ધાબડી દેવા જેવા કૌભાંડ થતા રહે છે. પરંતુ બેન્કનાં સ્ટ્રોંગ રૂમમાંથી સોનાની ચોરીનો બનાવ કદાચ પ્રથમ છે. તાજેતરમાં જીલ્લા બેન્કમાં ગ્રાહકનાં લોકરમાંથી દાગીનાની ચોરીનો બનાવ બન્યો હતો. પરંતુ પોલીસે તે ટુંકા ગાળામાં જ ભેદ ખોલી નાખ્યો હતો.

શ્રીનાથજી સોસાયટીમાં દંપતી વચ્ચે ઘરનું શૌચાલય સાફ કરવા બાબતે ઝઘડો થતાં પત્નીનો આપઘાત

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના મવડી વિસ્તારની શ્રીનાથજી સોસાયટીમાં દંપતી વચ્ચે ઘરનું શૌચાલય સાફ કરવા બાબતે થયેલા ઝઘડામાં માઠું લાગતાં ૨૧ વર્ષીય પરણિતાએ આપઘાત કરી જિંદગી ટૂંકાવી લેતા ચકચાર મચી જવા પામ્યો હતો. આ અંગેની વિગતો મુજબ, શ્રીનાથજી સોસાયટી શેરી નંબર ૩ ના ખૂણે રહેતા રિનાબેન સાગરભાઈ સોનિગ્રા સમી સાંજે ઘરે પંખામાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો.મૃતકનો પતિ સાગર દરજી કામ કરતો હોય ત્યારે સમી સાંજે પત્નીને ફોન કરતાં તે ઉપાડતી ન હતી. જેથી પડોશીને તપાસ કરવા જવાનું કહેતા રીનાબેન લટકતાં જોવા મળ્યા હતા. બનાવ અંગે જાણ થતાં માલવિયાનગર પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો. વધુમાં જાણવા મળ્યા મુજબ, રીના અને સાગરના ત્રણ વર્ષ પૂર્વે લગ્ન થયા હતા અને સંતાનમાં એક દીકરી હતી. બપોરે દંપતી વચ્ચે ઘરનું શૌચાલય સાફ કરવા બાબતે માથાકૂટ થઈ હતી જે બાદ તેણી આ પગલું ભરી લીધું હતું. પુત્રીના મોતના સમાચાર મળતાં પોરબંદર રહેતા માવતર રાજકોટ આવી પહોંચ્યા હતા. ઘટના અંગે પોલીસે માવતર પક્ષનું નિવદેન નોધી વધુ તપાસ હાથ ધરી છે.

ચોટીલા નજીક SMCનો દરોડોઃ ૭૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ચોટીલા હાઇવેના એલસીબીના કુલદિપ બોરીચાની તાત્કાલીક છૂટા કરી દેવાયા

મુખ્ય સમાચાર, ચોટીલા

૩૧ ડીસેમ્બર નજીક આવતાની સાથે જ બુટલેગરો દારૂનો મોટાપાયે જથ્થો સૌરાષ્ટ્રમાં પહોચાડતા હોવાનો ગાંધીનગર એસ.એમ. સી.ની ટીમે પર્દાફાસ કર્યો છે.૧૦ દિવસમાં એસ.એમ.સી.એ ૩ રેડ કરી સવા ત્રણ કરોડ રૂપીયાનો દારૂ ઝડપી લીધો છે.

ત્યારે એક દિવસ પહેલા જ લીંબડીથી દારૂ ઝડપી લીધા બાદ ચોટીલા હાઇવેની બળદેવ હોટલના કમ્પાઉન્ડમાં પડેલી ટ્રકમાં એસ. એમ.સી.પી.એસ.આઈ.આર.બી. વનારની ટીમે રેડ કરી ચેક કરતા ૬૫૫૦ બોટલ કિંમત રૂ.૭૨ લાખ અને ટ્રક સહિત ૮૭ લાખ રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરી ચાર શખ્સો સામે પોલીસ ફરીયાદ દાખલ કરાઈ છે.બીજી તરફ ચોટીલા હાઈવેના એલ.સી.બી.ના જવાબદાર કુલદીપ બોરીચાને તાત્કાલીક એલ.સી.બી.માંથી છુટો કરી દેવાયો છે.અને હજી પણ દારૂની બદી અટકાવવામાં બેદરકાર અનેક પોલીસની બદલીઓના ભણકારા વાગી રહ્યા છે.ચોટીલા પોલીસ સ્ટેશનમાં હાલ ઝડપાયેલ દારૂ કેસમાં અજય ભારાઈ રહે.જામજોધપુર, ભાયાભાઈ મોરી રહે.પોરબંદર, ભાવેશભાઈ મોરી રહે.પોરબંદર અને દારૂ ભરી આપનાર સહિત ચાર શખ્સો સામે પોલીસ ફરીયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ભગવતીપરાની ઓરડીમાંથી વીસ કિલો ગૌ માંસનો જથ્થો મળ્યો, વેપારીની શોધખોળ

માંસનો ટુકડો FSLમાં મોકલતા તે ગૌ માંસ હોવાનો અભિપ્રાય આવેલ

મુખ્ય સમાચાર, રાજકોટ

સેટેલાઈટ ચોકમાં આવેલા આશિર્વાદ સ્કેવર કોમ્પ્લેક્ષમાં ફ્લેટ નં. એ/૧૦૧માં રહેતા અને જીવદયાના સેવાકાર્ય કરતા ભાવિનભાઈ ઘનશ્યામભાઈ થીયડે ૧૧૨માં કોલ કરી ભગવતીપરા પાનવાળી શેરીમાં લાકડાના દરવાજા વાળી ઓરડીમાં ગેરકાયદેસર ગૌ માંસ હોવાની શંકાના આધારે પોલીસની મદદ માંગતા PCR ઈન્ચાર્જ કિશનભાઈ જગજીવનભાઈ સહિતનો સ્ટાફ દોડી જઈ બંધ ઓરડી તપાસતા તેમાંથી માંસના ટુકડાઓ મળી આવેલા હોય જે ટુકડાઓને FSLમાં મોકલતા તેનો અભિપ્રાય આવેલ જેમાં પેશીય પદાર્થ ગૌ માંસ હોવાનું ખૂલતા પોલીસે આસપાસ તપાસ કરતા જાણવા મળેલ કે, રજવી ચીકન-મટન નામે ઓરડીમાં રફીક ગફારભાઈ કટારીયા નામનો વ્યક્તિ વેપાર કરતો હોય જે હાજર મળી ન આવતા તેની સામે બી ડિવીઝનમાં ફરજ બજાવતા ASI કુલદીપસિંહ વિક્રમસિંહ ગોહિલની ફરિયાદ પરથી રફીક સામે પ્રાણીઓની સાચવણી અંગેનો અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે. તેમજ ઓરડીમાંથી મળેલા ૨૦ કિલો ગ્રામ ગૌ માંસના જથ્થાનો નાસ કરવા તજવીજ હાથ ધરી છે.

ઈન્સ્ટાગ્રામ ઈન્ફલુએન્સર બે યુવતીનો -સજોડે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ

વિવાદીત કિર્તિ પટેલની સાગરીત યુવતિઓના ત્રાસથી પગલુ ભર્યું હોવાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ

મુખ્ય સમાચાર, રાજકોટ

રેસકોર્સ નજીક આવેલા બગીચામાં ઈન્સ્ટાગ્રામ ઈન્ફલૂએન્સર બે યુવતિઓએ સાંજના -સમયે સજોડે ફિનાઈલ ગટગટાવી લેતા ગંભીર હાલતમાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલે ખસેડવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ આ બન્ને સોશિયલ મીડિયા સ્ટાર યુવતિઓએ આપઘાત પૂર્વે એક વીડિયો બનાવ્યો છે. જેમાં વિવાદિત કિર્તિ પટેલની સાગરીત યુવતિઓના ત્રાસ અને પૈસા પડાવવાની નીતિથી કંટાળી આ પગલું ભર્યું છે. જે વીડિયો સોશિયલ મીડિયામાં પણ જોરશોરથી વાયરલ થઈ -રહ્યો છે.

આ અંગેની જાણવા મળતી વિગતો મુજબ મોરબી ખાતે રહેતી અનિયા કાસ્માણી અને રાજકોટના નાનામૌવા સર્કલ નજીક ત્રણ માળિયા ક્વાટરમાં રહેતી પીયુ મેહુલભાઈ રાજપૂત નામની બન્ને યુવતિઓ સોશિયલ મીડિયામાં ભારે

એક્ટિવ છે સારાએવા વિવર્સ પણ ધરાવે છે. દરરોજ સોશિયલ મીડિયામાં તેઓ પોતાના વીડિયો પણ વાયરલ કરતા હોવાથી ઈન્સ્ટાગ્રામ ઈન્ફલૂએન્જર તરીકે લોકો બન્નેને ઓળખે છે. સાંજના સમયે બન્ને ઈન્ફલૂએન્જર યુવતિઓ રેસકોર્સ પાસે પહોંચી હતી અને બગીચામાં ઉભા રહી સજોડે ફિનાઈલ ગટગટાવી લીધું હતું. જેને ૧૦૮ મારફત બસ્ટેન્ડ પાછળ ખાનગી હોસ્પિટલે સારવાર અર્થે ખસેડવામાં આવી છે. હાલ બન્ને બેભાન અવસ્થામાં હોય પોલીસે પણ ભાનમાં આવ્યા બાદ નિવેદન લેવાશે તેવું જણાવ્યું છે. તે પૂર્વે બન્ને યુવતિનો સોશિયલ મીડિયામાં ધડાધડ વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આપઘાત કરતા પૂર્વે બન્ને યુવતિઓએ હાથમાં ફિનાઈલની બોટલ રાખી છે અને ચાલુ વીડિયોમાં જણાવી રહી છે કે, તેઓ બન્ને વિવાદિત કિર્તિ પટેલની સાગરીતો ગણાતી યુવતિઓના ત્રાસ, ધાક-ધમકી અને નાણા વસુલવાની પેરવીથી કંટાળી ગયેલ છે. તે બન્નેએ મુંબઈ જઈ વીડિયો શું બનાવ્યો અને મુંબઈ તથા ગુજરાત વચ્ચેનું અંતર શું જણાવ્યું કિર્તિ પટેલની કહેવાતી સુટર યુવતિઓ પાછળ પડી ગઈ હતી. જે ત્રાસ એટલો હતો કે, રાત્રીના પણ આ યુવતિઓ લાઈવ વીડિયો મારફત બન્ને યુવતિઓની પજવણી કરી રહી હતી. જે ત્રાસથી કંટાળી તે બન્ને આ પગલું ભરી રહી છે. તેવું વીડિયોમાં જણાવી રહી છે. અને આ ઘટનાથી જો કોઈ દુર્ઘટના સર્જાય તો તેની પાછળ જવાબદાર યુવતિઓના પણ નામ આપ્યા છે. આથી આ વીડિયોના આધારે પોલીસે તપાસનો દૌર શરૂ કર્યો છે.